પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૯-૦૩-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ક્રૂડ તેલનો ભાવ ૧૧૬ ડોલર : એક દિવસમાં ૨૫ ટકાનો ઉછાળો

## મધ્ય પુર્વના યુદ્ધે ક્રુડતેલને ફરી સાડા ત્રણ વર્ષ પુર્વેની સપાટીએ પહોંચાડી દીધું




## ક્રુડતેલ કુવા- રિફાઈનરીઓ પર હુમલાથી વૈશ્વિક ઇંધણમાં આગ લાગી

નવી દિલ્હી, તા. ૮

ઈરાન પરના અમેરિકા તથા ઈઝરાયેલના આક્રમણના કારણે વિશ્વભરમાં સર્જાયેલા ઈંધણ સહિતની કટોકટી, હાર્મુસ જળમાર્ગ બંધ થતા જ વિશ્વના ૪૦ ક્રુડતેલની હેરાફેરીને થયેલી અસર, સાઉદી અરેબીયાથી ઈરાન સુધી ક્રુડતેલ ઉત્પાદન કુવા તથા રિફાઈનરીઓ પરના હુમલાના કારણે ક્રુડતેલમાં મોટો ઉછાળો આવ્યો છે પણ ન્યુયોર્ક માર્કેટમાં ડબલ્યુસીઆઈ ક્રુડતેલ ૧૧૫.૯૬ ડોલર અને ભારતના વપરાશના બ્રેન્ટ ક્રુડનો ભાવ ૧૧૬ ડોલર પ્રતિ બેરલને પાર કરી ૧૧૬.૩૫ ડોલર પ્રતિ બેરલ પહોંચતા જ હવે તેની મોટી અસર ભારતના પેટ્રોલ-ડિઝલના ભાવથી પુરા અર્થતંત્ર પર થશેતો

યુદ્ધ વકરવાના સંકેત મળતા જ ડોલર સામે રૂપિયો પણ વધુ ગગડયો છે.

આજે વધુ ૫૧ પૈસા તૂટીને તે ૯૨.૨૭ની સપાટીએ પહોંચી ગયા છે અને હજુ વધુ ગગડે તેવા સંકેત છે. આમ કોહરામની સ્થિતિ છે. ડબલ્યુસીઆઈ ક્રુડ ૨૭.૫૭%નો વધારો થયો છે. એક જ દિવસમાં તે ૨૫ ડોલર ઉછળ્યુ છે તો બ્રેન્ટક્રુડ જે ભારત માટે મહત્વનું છે. તેમાં પણ એક જ દિવસમાં ૨૪ ડોલરનો ઉછાળો આવ્યો છે અને હજુ નિષ્ણાંતો વધુ ઉંચા ભાવની આગાહી કરી છે.

અમેરિકાએ ગત સપ્તાહે ઈરાન પર સૌથી મોટો હુમલો કરવાની જાહેરાત કરી પછી પણ ઈરાનનો વળતો જવાબ ચાલુ છે. પાડોશી દેશો પર હુમલા નહી કરવાની ઈરાનની જાહેરાત પણ સસ્તી હતી અને આ દેશો જો તેના ત્યાંના અમોરિકી મથકો પર હુમલો અટકાવે તે નિશ્ચિત કરવા જણાવ્યુ હતું. આમ યુદ્ધમાં કોઈ ફર્ક પડયો નથી.ક્રુડતેલના ભાવમાં આ ઉછાળો દેશના અર્થતંત્રને મોટો ફટકો પડશે. સરકારે ગત સપ્તાહે જ રાંધણગેસના ભાવ વધાર્યા છે અને હવે પેટ્રોલ-ડિઝલના ભાવ વધી જશે તેવી દહેશત રખાય છે. માર્કેટ નિષ્ણાંત ગોલ્ડમેન સ્નેચના જણાવ્યા મુજબ આ ભાવ ૧૫૦ ડોલર સુધી પણ જઈ શકે છે.જો કે તે રીતે ચુંટણીઓ આવી રહી છે તે જોતા સરકાર માટે વધુ ભાવવધારો એ એક મુશ્કેલ નિર્ણય હશે. હોર્મુઝ ખાડીમાંથી આવતા ક્રુડતેલ ટેન્કરોને સુરક્ષા આપવા કરેલી જાહેરાત હજુ કોઈ રીતે અમલી બની નથી અને તેથી સપ્લાય ચેઈન ફરી પુર્વવત થતા મહિનાઓ લાગી જશે તેવા સંકેત છે.લગગ ૪૩ માસ બાદ ક્રુડતેલ ફરી ૧૦૦ ડોલરની ઉપર ગયુ છે. જો ડેટા ચકાસો તો બ્રેન્ટ ક્રુડ છેલ્લે ૨૯ જુલાઈ ૨૦૨૨ના બ્રેન્ટ ક્રુડનો ભાવ ૧૦૪ ડોલર પ્રતિ બેરલ નોંધાયો હતો અને તે બાદ ક્રુડતેલ ૬૦થી૯૦ ડોલર અને થોડો સાવ ૭૦ ડોલરથી નીચે ગયુ હતું પણ હવે મધ્યપુર્વની સ્થિતિએ ક્રુડતેલને તેના સાડા ત્રણ વર્ષની પુર્વેની સપાટીએ પાછું મોકલી દીધું છે.

# અમેરિકાએ ઈરાનના તેલ મથકો ફુંકી માર્યા : ગલ્ફ પર તહેરાનના હુમલા

## ખાડીના દેશો પર મિસાઈલ- ડ્રોનની બૌછાર: બહેરીન- કતાર- યુએઈમાં જબરા વિસ્ફોટ : દૂતાવાસ ખાલી કરાવતું અમેરિકા

નવી દિલ્હી, તા. ૮

ઈરાન પર અમેરિકાના અને ઈઝરાયેલના આક્રમણના ૧૦માં દિવસે પણ તબાહી વધુ ભીષણ બની રહી છે. ઈઝરાયેલ-અમેરિકાએ સતત રીતે ઈરાનના લશ્કરી તથા મહત્વના જાહેર મથકોને નિશાન બનાવવાનું યથાવત રાખ્યુ છે.

આ સંયુક્ત હુમલાએ ઈરાનમાં ૧૭૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે. જયારે અમેરિકાએ તેનો સાતમો સૈનિક પણ ગુમાવ્યા છે. ઈરાને વળતા હુમલામાં કુવૈત, ઓમાન તથા સંયુક્ત આરબ અમિરત પર મિસાઈલ હુમલા ચાલુ જ રાખ્યા છે.

દુબઈમાં પણ ડ્રોન હુમલા ચાલુ છે. રવિવારે અમેરિકાએ તથા ઈઝરાયેલએ હવે ઈરાનના તેલમથકોને નિશાન બનાવવાનું શરૂ કર્યુ છે તો ઈરાને યુએઈમાં ૧૬ બેલેસ્ટીક મિસાઈલ તથા ૧૧૭ ડ્રોનથી ભીષણ હુમલા કર્યા છે તથા જોર્ડનમાં આવેલા એક મહત્વના અમેરિકી એરબેઝને પણ નિશાન બનાવ્યુ છે. ઈરાને જાહેર કર્યુ છે કે તે છ માસ સુધી યુદ્ધ કરવા તૈયાર છે.

ઈરાને લેબનોનમાં તેના રાજદૂત કર્મચારી સહિત ૧૧૭ નાગરિકોને રશિયન વિમાન મારફત એરલીફટ કર્યા છે. ઈરાને કતરમાં ડ્રોન હુમલાથી કાર્પેટ બોમ્બીગ કર્યુ છે. જેના કારણે દોહા વિ.માં જબરા વિસ્ફોટ સંભળાયા હતા તો ઈઝરાયેલે હવે ઈરાન પર મીસાઈલો હુમલાની આક્રમક નીતિ

અનુસંધાન પાના ૭ પર

## ૧૦માં દિવસે મધ્ય-પુર્વમાં ભયાનક યુદ્ધમાં હુમલા ચાલુ

નવી દિલ્હી, તા. ૮


અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે દસમો દિવસ છે. યુદ્ધના કારણે ઈરાનના ઘણા શહેરોમાં ભયંકર તબાહી થઈ છે અને ૧૭૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે.લોકો પોતાનું ઘર છોડીને સુરક્ષિત જગ્યાએ શરણ લેવા મજબૂર છે. તે જ સમયે, વિશ્વભરમાં આ યુદ્ધની વિરુદ્ધ અને સમર્થનમાં પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. બ્રિટનમાં ઈરાન સમર્થકો અને અમેરિકા સમર્થકોએ શનિવારે એક જ દિવસે કૂચ કાઢી.તે જ સમયે, બીજી તરફ લેબનોનમાં પણ ઈઝરાયલ, ઈરાન સમર્થક જૂથ હિઝબુલ્લાહ વિરુદ્ધ હુમલા કરી રહ્યું છે.

# ઈરાનના નવા સુપ્રિમ લીડર તરીકે મુજતબા ચૂંટાઈ આવ્યાં

## મારા વિના સુપ્રીમ લીડર નક્કી નહીં થાય : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૮

ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનીના પુત્ર મુજતબા ખામેનીને તેમના ઉત્તરાધિકારી અને દેશના નવા સુપ્રીમ લીડર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમના નામની જાહેરાત ઈરાની સરકારી ટીવીએ સોમવારે વહેલી સવારે કરી હતી.



આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે તેમના પિતાના ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈઝરાયલી હુમલામાં મૃત્યુ પછી ક્ષેત્રમાં ચાલી રહેલા યુદ્ધે નવો વળાંક લીધો છે.

મુજતબા ખામેનીને લાંબા સમયથી આ પદના મુખ્ય દાવેદારોમાંના એક માનવામાં આવતા હતા, જોકે તેમણે ક્યારેય કોઈ ચૂંટાયેલું કે ઔપચારિક સરકારી પદ સંભાળ્યું નથી.બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કહી ચૂક્યા છે કે ઈરાન તેમના વિના નવો સુપ્રીમ લીડર ન ચૂંટે. બીજી તરફ, ઈઝરાયલે ધમકી આપી હતી કે તેઓ ખામેનીના ઉત્તરાધિકારીને પણ ખતમ કરી દેશે.ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીનું ૨૮ ફેબ્રુઆરીના રોજ US-ઈઝરાયલના હુમલામાં મૃત્યુ

અનુસંધાન પાના ૭ પર



# ચેમ્પિયન ભારતીય ટીમ પર ઈનામોનો વરસાદ થયો

## રનર અપ ટીમ ન્યુઝિલેન્ડને પણ ૧૪.૬૭ કરોડના ઈનામો મળ્યાં

અમદાવાદ, તા. ૮

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી હાઈ-વોલ્ટેજ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ભારતીય ટીમે ત્રીજી વખત T૨૦ વર્લ્ડ કપના ખિતાબ પર કબજો જમાવ્યો છે. આ ઐતિહાસિક જીત બાદ વિશ્વ વિજેતા ટીમ ઈન્ડિયા પર કરોડો રૂપિયાના ઈનામોનો વરસાદ થયો છે.

T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ જીતનારી ભારતીય ટીમને ICC તરફથી ૩ મિલિયન ડોલર (અંદાજે રૂ.૨૭.૫૦ કરોડ) ની ઈનામી રકમ મળી છે. બીજી તરફ, ફાઈનલમાં હારનાર ન્યુઝીલેન્ડની ટીમને રનર-અપ તરીકે ૧.૬ મિલિયન ડોલર (અંદાજે રૂ.૧૪.૬૭ કરોડ) આપવામાં આવ્યા છે.

કીવી ટીમનું પ્રથમ વખત વર્લ્ડ કપ જીતવાનું સપનું ફરી એકવાર અધૂરું રહ્યું છે. સેમિ ફાઈનલમાં હારનારી ટીમો (ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા) ને પણ ખાલી હાથે ઘરે જવું પડ્યું નથી, તેમને ૦.૭૯ મિલિયન ડોલર (અંદાજે રૂ.૭.૨૪ કરોડ) મળ્યા છે. આ સિવાય ૫ થી ૧૨માં ક્રમે રહેલી ટીમોને રૂ.૩.૪૮ કરોડ અને ૧૩ થી ૨૦માં ક્રમની ટીમોને રૂ.૨.૨૯ કરોડની પ્રાઈઝ મની મળી છે.

## વર્લ્ડકપ જીત્યા બાદ રાત્રે જ ટ્રોફી લઇ જય શાહ હનુમાન મંદિરે પહોંચ્યા

**અમદાવાદ, તા.૯**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલા ટી-૨૦ વર્લ્ડકપના ફાઇનલમાં ભારતની ઐતિહાસિક જીત બાદ આઈસીસી ચેરમેન જય શાહ, હેડ કોચ ગૌતમ ગંભીર તથા કપ્તાન સૂર્યકુમાર યાદવ અમદાવાદના હનુમાન મંદિરે પહોંચ્યા હતા અને પૂજા અર્ચના કરી હતી.ભારતે ન્યુઝીલેન્ડને ૯૬ રનથી હરાવ્યું હતું અને વર્લ્ડ ટી-૨૦ ચેમ્પિયન બનવા સાથે અનેક રેકોર્ડ બનાવ્યા હતા. ફાઈનલ મેચ નિહાળવા માટે આઈસીસી અધ્યક્ષ જય શાહ પણ મૌજુદ હતા.ભારતની જીત બાદ ભારતીય ખેલાડીઓએ મેદાન પર જીતનો જશ્ન મનાવ્યો હતો. ટ્રોફી હાથમાં આવ્યા બાદ ઉજવણી કરીને જય શાહ, ગૌતમ ગંભીર તથા સૂર્યકુમાર યાદવ હનુમાન મંદિરે પહોંચ્યા હતા અને પ્રાર્થના કરી હતી. આ પૂર્વે મુંબઇના મેચ વખતે પણ ભારતીય ખેલાડીઓ પૂજા-પ્રાર્થના માટે મંદિરે ગયા હતા તે ઉલ્લેખનીય છે.

# યુએઈમાં ખાદ્ય પદાર્થોનો જથ્થો પર્યાપ્ત છે : સરકારની જાહેરાત

## યુદ્ધના કારણે ખાદ્ય પદાર્થોની લોકો દ્વારા મોટા પ્રમાણમાં ખરીદી

નવી દિલ્હી, તા. ૮

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે સંયુક્ત આરબ અમીરાત સરકારે લોકોને વિશ્વાસ આપ્યો છે કે દેશમાં બજારો સંપૂર્ણપણે સ્થિર છે અને ખાદ્યપદાર્થોનો જથ્થા સુરક્ષિત છે. તાજેતરમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે થયેલાં મિસાઈલ હુમલાઓને કારણે ગલ્ફ પ્રદેશના શહેરોમાં ચિંતા વધી હતી અને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

આ પરિસ્થિતિ છતાં સંયુક્ત આરબ અમીરાતના અર્થતંત્ર અને પર્યટન મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશભરના તમામ રિટેલ બજારોમાં ખાદ્ય અને અન્ય જરૂરી વસ્તુઓ પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે. હાલ કોઈ અછત કે પુરવઠામાં વિક્ષેપ જોવા મળતો નથી.

યુએઈ મંત્રાલયે જણાવ્યું છે કે અદ્યતન ડિજિટલ વ્યવસ્થાઓ દ્વારા દરરોજ બજારમાં ઉપલબ્ધ માલનો જથ્થો અને ભાવ સંબંધિત માહિતી એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ વ્યવસ્થાથી ખાતરી કરવામાં આવે છે કે બજારમાં પુરતો પુરવઠો રહે અને ભાવ સ્થિર રહે, ભલે પ્રદેશમાં અનિશ્ચિતતા વધી રહી હોય.

યુએઈ પાસે અનાજ અને અન્ય જરૂરી વસ્તુઓના વ્યૂહાત્મક જથ્થા મોટી માત્રામાં ઉપલબ્ધ છે. ઉપરાંત આયાત માટે વિશ્વભરના વેપારી ભાગીદારો સાથે મજબૂત નેટવર્ક છે અને વિવિધ પુરવઠા માર્ગો પણ ઉપલબ્ધ છે. યુએઈ અધિકારીઓએ લોકોને ગભરાટમાં આવીને વધારે ખરીદી ન કરવા અને અનાવશ્યક સંગ્રહ ન કરવા અપીલ કરી છે.

આ વિશ્વાસ આપવાની

અનુસંધાન પાના ૭ પર

# જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશમાં હિમ વર્ષાનું એલર્ટ

## રાજસ્થાનમાં ૪૦ અને એમપીમાં પારો ૩૯ ડીગ્રી

નવી દિલ્હી, તા. ૮

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરમાં સોમવારથી હળવા વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. જ્યારે, સમગ્ર ખીણમાં મહત્તમ તાપમાન સિઝનની સરેરાશ કરતાં વધુ રહ્યું. હિમાચલ પ્રદેશમાં બે દિવસ હવામાન સ્વચ્છ રહેશે, અને ૧૧ માર્ચથી રાજ્યમાં પશ્ચિમી વિક્ષોભ સક્રિય થશે. જેના કારણે વરસાદ અને હિમવર્ષાનો દોર શરૂ થવાની સંભાવના છે.રાજસ્થાનમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું. ઝુનઝુનુ જિલ્લાનું પિલાની રાજ્યમાં સૌથી ગરમ રહ્યું, જ્યાં મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. ત્યારબાદ બાડમેરમાં ૪૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. જ્યારે મધ્ય પ્રદેશમાં પણ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચી ગયું. અહીં રતલામનું તાપમાન ૩૮.૬ ડિગ્રી રહ્યું.અહીં દેશની રાજધાની નવી દિલ્હીમાં પણ દિવસનું તાપમાન ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસ પહોંચી ગયું. IMD એ સોમવારે આકાશમાં હળવા વાદળો છવાયેલા રહેવાની અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચવાની આગાહી કરી છે.

# સરકાર ભારતીય નાગરિકોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ : જયશંકર

## મિડલ ઈસ્ટ યુદ્ધની ભારત પર અસર અંગે રાજ્યસભામાં વિદેશમંત્રીનું નિવેદન

**નવી દિલ્હી, તા. ૮**

પશ્ચિમ એશિયામાં સંકટ પર સરકાર રાજ્યસભામાં નિવેદન આપી રહ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું, "૨૮ ફેબ્રુઆરીથી મિડલ ઈસ્ટમાં તણાવ પ્રવર્તી રહ્યો છે. ઘણા ખાડી દેશોમાં પરિસ્થિતિ તંગ છે. વાતચીત થવી જોઈએ અને તણાવ ઓછો થવો જોઈએ. અમે ભારતીયોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છીએ. વિદેશ પ્રધાન એસ.જયશંકરના નિવેદનો સાંભળીને વિપક્ષના સાંસદો હોબાળો મચાવી રહ્યા હતા.

જયશંકરે કહ્યું- મિડલ ઈસ્ટની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે ગલ્ફ દેશોમાં રહેતા ભારતીય નાગરિકો માટે ઘણી એડવાઈઝરી જારી કરી છે. ઈરાનમાં રહેતા તમામ લોકોને તાત્કાલિક ત્યાંથી નીકળી જવાની સલાહ આપવામાં આવી છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસ સંપૂર્ણપણે કાર્યરત છે. અમે આ વિસ્તારોમાં રહેતા ભારતીય સમુદાયના તમામ સભ્યોને મદદ કરવા તૈયાર છીએ. ગલ્ફ દેશોમાં તમામ દૂતાવાસ એક્ટિવ છે.



જયશંકરે કહ્યું- અમારા રાજદ્વારીઓ તેહરાન, યુએઈ, દુબઈ અને બહેરીનથી ભારતીયોને બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. અમે ભારતીયોને પાછા લાવવા માટે ઘણી કોમર્શિયલ ફ્લાઇટ્સ ચલાવી છે. ૬૭,૦૦૦ ભારતીયો પહેલાથી જ પાછા ફર્યા છે. ગલ્ફ દેશોમાં ફસાયેલા લોકોને પાછા લાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જયશંકરે કહ્યું- પીએમ મોદીએ યુએઈ, કતાર, કુવૈત, સાઉદી અરેબિયા, જોર્ડન, ઓમાન અને ઈઝરાયલના પીએમ સાથે વાત કરી છે. હું આ દેશોના વિદેશ મંત્રીઓ સાથે પણ નિયમિત સંપર્કમાં છું. અમે અમારા રાજદ્વારી માધ્યમો દ્વારા પણ વાતચીત કરી રહ્યા છીએ. મેં ઈરાનના વિદેશ મંત્રી સાથે પણ વાત કરી છે. અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ.સરકાર ઊર્જા ક્ષેત્રની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. ભારતીય ગ્રાહકોની જરૂરિયાતો અમારી પ્રાથમિકતા છે. અમે ક્રુડ ઓઈલ-ગેસના ભાવ પર નજર રાખી રહ્યા છીએ.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- મિડલ ઈસ્ટ યુદ્ધની ભારત પર અસર, ઊર્જા સંકટ પર શોર્ટ ડિબેટ થાય.જેપી નડ્ડાએ વિપક્ષની ટીકા કરતા કહ્યું કે તેમનું વર્તન અત્યંત બેજવાબદાર છે. તેઓ અરાજકતા ફેલાવવા માંગે છે. તેઓ ક્યારેય કોઈ પણ બાબતની ચર્ચા કરવા માંગતા નથી.સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો સોમવારે શરૂ થયો. લોકસભાની કાર્યવાહી ફક્ત પાંચ મિનિટ ચાલી, જે દરમિયાન મૃતક સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું.

અનુસંધાન પાના ૭ પર



# રૂ.૧૬૬ કરોડના ખર્ચે સાકારિત 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ'નું લોકાર્પણ

## રૂ.૯૭૩.૧૨ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને રૂ.૨૪૭.૮૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર. પાટીલ

સુરત, તા.૯

સુરત શહેરને ગ્લોબલ સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં વધુ એક મહત્વના કદમ અંતર્ગત ડુમસ ખાતે કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલના હસ્તે રૂ.૧૬૬ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકાના ડ્રીમ પ્રોજેક્ટ અને સુરતના પ્રવાસન ક્ષેત્રે સીમાચિહ્નરૂપ 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ' પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૦૧નું લોકાર્પણ કરાયું હતું. સાથોસાથ સુરત મહાનગરપાલિકાના કુલ રૂ.૯૨૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, એક સમયે અસ્વચ્છ શહેર ગણાતું સુરત આજે શહેરીજનો અને જનપ્રતિનિધિઓની મહેનત, આર્થિક વિકાસ અને સુગ્રથિત આયોજનના જોરે દેશમાં સ્વચ્છતામાં પ્રથમ ક્રમે પહોંચ્યું છે. સુરતના જાગૃત નાગરિકોએ પોતાની આદતો બદલીને શહેરને સુંદર બનાવવામાં પૂરતો સાથ આપ્યો છે. સ્વચ્છતાની સિદ્ધિનો શ્રેય તેમણે સફાઈ મિત્ર સ્વચ્છતા સેનાનીઓ અને શિસ્તપ્રેમી શહેરીજનોને આપ્યો હતો. ડુમસ સી-ફેસ પ્રોજેક્ટ રાજ્યના પ્રવાસન નકશામાં નજરાણા સમાન ગણાવતા કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, આ પ્રોજેક્ટ આગામી સમયમાં સુરતની નવી ઓળખ બનશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ સી-ફેસ સુરતને આંતરરાષ્ટ્રીય સ્તરના ટુરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ડુમસ સી-ફેસ પ્રોજેક્ટ સુરતને વિશ્વ કક્ષાએ આગવી ઓળખ ઉભી કરશે. આ પ્રોજેક્ટની ડિઝાઈન અને સુવિધાઓ વિશ્વસ્તરીય માપદંડો મુજબ તૈયાર કરવામાં આવી છે., ત્યારે સુરત મહાનગરપાલિકા અને 'ટીમ સુરત'ને શ્રેણીબદ્ધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી સંઘવીએ સુરતના નાગરિકોને સહેલાણીઓ માટે આનંદ પ્રમોદના કેન્દ્ર સમાન આ વૈશ્વિક કક્ષાના પ્રોજેક્ટને સ્વચ્છ, સુઘડ રાખવા અને તેની જાળવણી કરવા અનુરોધ કર્યો હતો, જેથી સુરતની આ વિરાસત આગામી અનેક વર્ષો સુધી શહેરની શાન બની રહે. મેયર દક્ષેશભાઈ માવાણીએ ડુમસ સી ફેસ પ્રોજેક્ટ ડુમસની સુંદરતામાં ચાર ચાંદ લગાવશે એમ જણાવી કહ્યું કે, ડુમસ વર્ષોથી સુરત

અનુસંધાન પાના ૭ પર

# કોસંબા ખાતે દિવ્યાંગો માટે નિઃશુલ્ક 'જયપુર ફૂટ' અને સાધન સહાયક

સુરત, તા.૯

દિવ્યાંગ ભાઈ-બહેનોને આત્મનિર્ભર બનાવવા અને તેમના જીવનમાં ખુશીઓ લાવવાના શુભ આશય સાથે, કોસંબા ખાતે એક વિશેષ નિઃશુલ્ક તપાસ અને સહાયક સાધન વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પનું આયોજન શકુન્ત આશ્રમ, ધ વેલનેસ હબ (કોસંબા), શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ (જયપુર ફૂટ સેન્ટર, અમદાવાદ), રોટરી ક્લબ ઓફ તરસાડી કોસંબા અને ન્યુ વે એજ્યુકેશનલ ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ (ધોળકા) ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. કેમ્પની મુખ્ય વિશેષતાઓ: આ કેમ્પમાં જરૂરિયાતમંદ દિવ્યાંગજનો માટે નીચે મુજબની સુવિધાઓ સંપૂર્ણ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે:જયપુર ફૂટ (કૃત્રિમ પગ), કેલીપર્સ,વ્હીલચેર બગલ ઘોડી (Crutches) પાત્ર લાભાર્થીઓને કેમ્પના દિવસે જ સ્થળ પર કૃત્રિમ પગ અને અન્ય જરૂરી સાધનો વિતરણ કરી દેવામાં આવશે. રજીસ્ટ્રેશન અને અન્ય વિગતો: કેમ્પનો લાભ લેવા માંગતા તમામ લાભાર્થીઓએ અગાઉથી નામ નોંધાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ: ૧૮/૦૩/૨૦૨૬ કેમ્પનું સ્થળ: સરદારશ્રી રાણા કોમ્યુનિટી હોલ, પંડવાઈ રોડ, તરસાડી, કોસંબા. સંપર્ક નંબર (રજીસ્ટ્રેશન માટે): ૯૮૨૦૪ ૪૫૦૪૬. ૯૮૭૯૧ ૨૧૭૮૨. ૯૯૭૪૦ ૮૮૮૦૨. ૯૯૦૯૨ ૮૮૫૨૫ (નોંધ: રજીસ્ટ્રેશન કરાયા બાદ, સંસ્થા દ્વારા લાભાર્થીઓને ફોન કરીને કેમ્પની તારીખની જાણ કરવામાં આવશે.



# કેન્દ્રીય વિદ્યાલય નંબર ત્રણમાં મહિલા દિવસની ઉજવણી કરાઈ

## પુરુષ સ્ટાફ દ્વારા મહિલાઓને ભેટ આપી સન્માનીત કર્યા

સુરત, તા.૯

સુરત શાળા પરિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એક ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે, શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમાર અને તમામ પુરુષ સ્ટાફે મહિલા શિક્ષકો અને કર્મચારીઓનું સન્માન કરવા માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મહિલાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સિદ્ધિઓની ઉજવણી કરવાનો, લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાનો અને મહિલા અધિકારો વિશે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન, પુરુષ સ્ટાફે મહિલા શિક્ષકો અને કર્મચારીઓને ભેટ આપીને સન્માનિત કર્યા. તમામ મહિલા શિક્ષકો અને કર્મચારીઓને તેમના વ્યક્તિત્વ અને યોગદાનને માન્યતા આપીને વિશેષ પદવીઓ પણ આપવામાં આવી હતી અને તેમને સાડીઓથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક માટે ખાસ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી કાર્યક્રમના સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વધારો થયો હતો. આ પ્રસંગે, શ્રી દિલીપ કુમાર શર્માએ એક પ્રેરણાદાયી કવિતા રજૂ કરી. શ્રી હેમેન્દ્ર સિંહ અને શ્રી ભુવનેશ જાંગીડે મહિલાઓના સન્માનમાં પોતાના વિચારો શેર કર્યા. કાર્યક્રમના અંતે, આચાર્ય શ્રી રાજેશ કુમારે પોતાના સંબોધનમાં મહિલા કર્મચારીઓના યોગદાનની પ્રશંસા કરી અને તેમના સમર્પણ અને નિષ્ઠાની પ્રશંસા કરી. કાર્યક્રમ દરમિયાન, મહિલા કર્મચારીઓએ કૃતજ્ઞતાના પ્રતીક તરીકે ભેટો પણ અર્પણ કરી. શ્રીમતી દક્ષા ગુપ્તાએ સ્ટેજનું સંચાલન કર્યું. અંતમાં, સુશ્રી પ્રીતિ શ્રીવાસ્તવે તેમના મધુર અવાજમાં એક સુંદર ગીત રજૂ કરીને વાતાવરણને ભાવનાત્મક બનાવ્યું અને દરેકનો આભાર માન્યો, મહિલાઓના સન્માન માટે પુરુષ કર્મચારીઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

# ભાષા ઓલિમ્પિયાડમાં જીવન ભારતી કિશોર ભવનનું ગૌરવ

સુરત, તા.૯

જીવનભારતી મંડળ અને ડૉ. સી. ઝેડ. શાહ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સુરત શહેર અને જિલ્લાની શાળાઓ માટે ભાષા ઓલિમ્પિયાડ ૨૦૨૫-૨૬ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૭/૩/૨૦૨૬ના રોજ પારિતોષિક વિતરણ અને પૂર્ણાહુતિના કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર ના કુલપતિ શ્રી ડૉ. ટી. એસ. જોશી સાહેબ અને જીવનભારતી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વસંતભાઈ પટેલ અને વ્યક્તિવિશેષ તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ડૉ. ભગીરથસિંહજી પરમાર હાજર રહ્યા હતા. જેમાં જીવનભારતી કિશોરભવન શ્રેણી ૧ થી ૫ ના તેજસ્વી તારલાઓ (૧) હિતાંશ ચોખાવાલા (૨) જાનવી રાણા (૩) ધ્વનિલ સોરઠિયા એ વિવિધ ભાષાકીય સ્પર્ધાઓમાં વિજેતા થઈ પારિતોષિક અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું. તે બદલ જીવનભારતી મંડળ, શાળાના આચાર્યાશ્રી ભામિની રાવલ, નિરીક્ષકશ્રી રાજેશ પારેખ તેમજ સમગ્ર શાળા પરિવારે વિજેતા બાળકોને અભિનંદન પાઠવ્યા.






# સ્કેટ એન્જિનીયરીંગ કલેજમાં સંગીત અને નૃત્યનો યાદગાર કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમમાં નૃત્ય અને સંગીતનો અદ્દભૂત સન્મનવય

સુરત, તા.૯

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (SCET), સુરતના ડાન્સ અને મ્યુઝિક ક્લબ દ્વારા ૬ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦ વાગ્યાથી "INFUSION ૨૦૨૬" નામનું સંગીત અને નૃત્યથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને તેમની કળાત્મક પ્રતિભા અને પરફોર્મિંગ આર્ટ્સ પ્રત્યેના ઉત્સાહને રજૂ કરવા માટે ઉત્તમ મંચ આપ્યું. કાર્યક્રમની શરૂઆત શુભ ગણેશ વંદનાથી કરવામાં આવી, જેના કારણે સમગ્ર કાર્યક્રમને આધ્યાત્મિક અને સૌમ્ય શરૂઆત મળી. આ કાર્યક્રમમાં કુલ ૨૩ રજૂઆતો કરવામાં આવી હતી, જેમાં નૃત્ય અને સંગીત બંને પ્રકારના પ્રદર્શનનો સુંદર સમન્વય જોવા મળ્યો.

નૃત્ય વિભાગમાં વિવિધ પરંપરાગત તથા આધુનિક શૈલીઓ જેવી કે કથક, ભરતનાટ્યમ, સેમી-ક્લાસિકલ, ફ્યુઝન તથા રાજસ્થાની લોકનૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા. આ રજૂઆતો દ્વારા ભારતીય સાંસ્કૃતિક પરંપરાની સમૃદ્ધિ સાથે આધુનિક સર્જનાત્મક અભિવ્યક્તિ પણ પ્રતિબિંબિત થઈ. સંગીત વિભાગમાં સોલો તેમજ ગ્રુપ ગાયન રજૂઆતો કરવામાં આવી, જેમાં લોકપ્રિય હિન્દી ફિલ્મ ગીતો, મધુર રોમેન્ટિક ગીતો, શાસ્ત્રીય પ્રેરિત રચનાઓ અને વિશેષરૂપે કિશોર કુમારના ગીતોનું મેડલી રજૂ કરવામાં આવ્યું. આ તમામ રજૂઆતો દ્વારા કાર્યક્રમમાં આનંદમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણ સર્જાયું અને ઉપસ્થિત શ્રોતાઓએ વિદ્યાર્થીઓની સંગીત પ્રતિભા અને સ્ટેજ પ્રેઝન્સની ખૂબ પ્રશંસા કરી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોનો ઉત્સાહપૂર્ણ સહભાગ અને સહકાર જોવા મળ્યો. ઊર્જાસભર રજૂઆતો અને દર્શકોના ઉત્સાહભર્યા પ્રતિસાદના કારણે આ સાંજ સૌ માટે યાદગાર બની. INFUSION ૨૦૨૬ દ્વારા સર્જનાત્મકતા, સંગીત, તાલ અને સાંસ્કૃતિક વૈવિધ્યનો સુંદર ઉત્સવ ઉજવાયો, જેનાથી SCET, સુરતના સાંસ્કૃતિક વાતાવરણને વધુ સમૃદ્ધ બનાવવામાં આવ્યું.

# જેતલપુરના સ્વામિનારાયણ મંદિરે પૂર્ણેશભાઈ મોદીનું સન્માન કરાયું



સુરત, તા.૯

જેતલપુર ધામ સ્થિત સ્વામિનારાયણ મંદિરના ઐતિહાસિક દ્વિશતાબ્દી (૨૦૦ વર્ષ) 'અવસર' મહોત્સવના શુભ પ્રસંગે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદીનું હાર્દિક સ્વાગત સન્માન કરવામાં આવ્યું.

આ ગૌરવશાળી સન્માન તેમને પરમ આદરણીય આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્ર પ્રસાદજી, પરમ આદરણીય ભાવિ આચાર્ય મહારાજ શ્રી વ્રજેન્દ્ર પ્રસાદજી અને પરમ આદરણીય શ્રી તેજેન્દ્ર પ્રસાદજીના હાથે આપવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પ્રસંગે, શ્રી પૂર્ણેશભાઈ મોદી અને અન્ય મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું અને ભગવાન શ્રી સ્વામિનારાયણને દરેકના સારા સ્વાસ્થ્ય, સુખ, સમૃદ્ધિ અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# ઓલપાડ પ્રા. આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યુલન્સ સેવાનું લોકાર્પણ

## આરોગ્ય વિભાગ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયા




સુરત, તા.૯

ઓલપાડ ટાઉન ખાતે સુરત જિલ્લા પંચાયત સંચાલિત આરોગ્ય વિભાગ નાં ત્રિવિધ કાર્યક્રમ જેવા કે આયુષ્માન આરોગ્ય મંદિર અસનાડ,ઓલપાડ-૨ અને સિથાણ લોકાર્પણ,આશાવર્કર બેહેનો નું આશા સંમેલન,તેમજ સમર્થ કલ્યાણ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ ઓલપાડ દ્વારા ઓલપાડ તાલુકાની તમામ પ્રજા માટે આરોગ્યલક્ષી સેવા પુરી પાડવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ને એમ્બુલન્સ નું ની ભેટ આપવામાં આવી હતી જેવાં ત્રિવિધ કાર્યક્રમ યોજાવામાં આવ્યા હતાં

ઓલપાડ ટાઉન ખાતે પૂર્વ રાજ્ય નાં મંત્રી અને ઓલપાડ નાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ ની અધ્યક્ષતામાં સુરત જિલ્લા પંચાયત દ્વારા આયોજિત આરોગ્ય વિભાગ નાં ત્રિવિધ કાર્યક્રમ જેવાં કે અસનાડ, ઓલપાડ-૨, અને સિથાણ ગામે નવું બનાવેલ આયુષ્માન આરોગ્ય મંદિર નું રીબીન કાપી તકતી અનાવરણ કરી લોકોની આરોગ્ય સુવિધા વધારો કરવા માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.આ આયુષ્માન આરોગ્ય મંદિર માં આવતાં ગામો જેવાં કે અસનાડ માં આવતા અસનાડ,ભટગામ, અને મંદ્રોઈ ગામ મળી ૫૨૩૫, ઓલપાડ-૨ ની કુલ વસ્તી ૯૨૮૪,તેમજ સિથાણ માં આવતાં માધર,કંથરાજ,વિહાર અને ખલીપોર ગામો ની ૩૯૯૨ વસ્તી મળી કુલ્લે ૧૮,૫૧૧ લોકો ને આયુષ્માન આરોગ્ય કેન્દ્ર પર કોમ્યુનિટી હેલ્થ ઓફિસર,ફિમેલ હેલ્થ વર્કર,મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તેમજ આશા બેહનો આરોગ્ય ને લગતી ૧૩ જેટલી સેવા જેવી કે ઓ.પી.ડી,લેબોરેટરી સેવાઓ,માતાઅને બાળકો નું રસીકરણ(મમતા દિવસ), સુગર અને

પ્રેશર(ડાયાબિટીસ)તપાસ અને સારવાર, સગર્ભા માતાની તપાસ,આયુષ્માન કાર્ડ કાર્ડ અને આભા ની સેવા,ટી.બી મેલેરિયા લેપ્રસી તપાસ અને સારવાર,યોગા,કિશોર અને કિશોરીઓની તપાસ, માનસિક આરોગ્ય ને લગતી બીમારીઓનું નિદાન તેમજ સારવાર,દાંતનાં આરોગ્ય ને સંબધિત સેવાઓ,વધુ વય ધરાવતા વ્યક્તિઓ માટે ઉંમર સંલગ્ન સારવાર અને સામાન્ય રોગચાળા દરમિયાન આપવાની થતી તેમજ સામાન્ય બીમારીઓના ઉપચાર જેવી સેવાઓ લોકો ઉપલબ્ધ થશે,અને ત્યારબાદ ભટગામ રોડ ગાયત્રી મંદિર હોલ ઓલપાડ ખાતે યોજાયેલ આશા વર્કર બેહનો સંમેલન યોજાવામાં આવ્યું હતું.સૌ મહેમાનું શબ્દ થી સ્વાગત ઓલપાડ તાલુકા નાં હેલ્થ ઓફિસર ડો. ચિરાગ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.ત્યારબાદ પ્રા.આ. કેન્દ્ર કિમ આશા બેહનો

અનુસંધાન પાના ૭ પર



# બ્રહ્મસમાજ સુરત મહિલા પાંખ દ્વારા મહિલા દિવસની ઉજવણી

## મહિલાઓએ કેક કાપી અને વિવિધ રમતો માણી

સુરત, તા.૯

સુરત શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ – સુરત મહિલા પાંખ દ્વારા આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આનંદમય અને ઉત્સાહભેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમાજની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો છે. કાર્યક્રમની શરૂઆત સૌએ મળીને કેક કાપીને મહિલા દિવસની ઉજવણી સાથે કરી છે. ત્યારબાદ બહેનો માટે વિવિધ મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ''કેટલા રે કેટલા'', ''પાસિંગ ધ પાસ'' જેવી રમતોમાં બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. આ સાથે કાર્યક્રમ દરમિયાન પરંપરાગત સંગીતના તાલે સૌએ મળીને ગરબા રમીને આનંદમય માહોલ સર્જ્યો છે. સમગ્ર કાર્યક્રમમાં બહેનો વચ્ચે આનંદ, ઉત્સાહ અને એકતાનો સુંદર માહોલ જોવા મળ્યો છે. આ કાર્યક્રમ દ્વારા સમાજની મહિલાઓને એક મંચ પર જોડાવાનો અને પરસ્પર સ્નેહભાવ વધારવાનો અવસર મળ્યો છે. કાર્યક્રમ અંતે તમામ બહેનોને મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. આ કાર્યક્રમમાં રીનાબેન, દેવયાનીબેન, જવનિકાબેન, જીગ્નાબેન, દીપલબેન, અમીષાબેન, આશાબેન, શીલાબેન, પ્રાપ્તિ બેન, હર્ષિનીબેન, આરતીબેન, રૂપલબેન, પૂજાબેન, મીતાબેન, ઈલાબેન, ક્રિષ્નાબેન, હેમાબેન, પ્રેરણાબેન , શ્વેતાબેન, સ્વાતિબેન, નીતાબેન, ઝીણી બેન, બિંદુબેન એ ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી છે.

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળની મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જીના સચિવ સારંગીને રજૂઆત

સુરત, તા.૯

ALMM–II મંજૂર સોલાર સેલ્સના ફરજિયાત અમલીકરણની તારીખ એક વર્ષ સુધી લંબાવવા રજૂઆત, મંત્રાલયના સ્તરે યોગ્ય વિચારણા કરાશે તેવી સચિવશ્રીએ ખાત્રી આપી

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેજા હેઠળ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલ અને સેક્રેટરી શ્રી પૌલિક દેસાઈ સહિતના પ્રતિનિધિમંડળે તા. ૨ માર્ચ, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી (MNRE)ના સચિવ શ્રી સંતોષ કુમાર સારંગી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન ALMM–II મંજૂર સોલાર સેલ્સના ફરજિયાત અમલીકરણની તારીખ એક વર્ષ સુધી લંબાવવાની રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિમંડળે મંત્રાલય દ્વારા ૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ જાહેર કરાયેલા ઓર્ડરનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ૧ જૂન ૨૦૨૬થી ગ્રિડ–કનેકટેડ સોલાર પાવર પ્રોજેક્ટ્સ માટે ALMM–II હેઠળ મંજૂર સોલાર સેલ્સનો ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. જો કે, વર્તમાન ઉદ્યોગ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણયના અમલીકરણને ૧ જૂન, ૨૦૨૭ સુધી મુલતવી રાખવા વિનંતી કરવામાં આવી હતી.



ચેમ્બર દ્વારા સચિવશ્રીને રજૂઆત કરતા જણાવવામાં આવ્યું હતું કે, હાલમાં ભારતમાં TOPCon સોલાર સેલ્સની ઉત્પાદન ક્ષમતા આશરે ૧૨ ગીગાવોટ જેટલી છે, જ્યારે બજારમાં તેની માંગ તેની સરખામણીએ ઘણી વધારે છે. બીજી તરફ Mono PERC સોલાર સેલ્સનું ઉત્પાદન દેશમા TOPCon સોલાર કરતા વધુ છે, પરંતુ તેની માંગ નથી, જેના કારણે બજારમાં માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન જળવાતું નથી.

આ ઉપરાંત ચેમ્બરના પ્રતિનિધિમંડળે સચિવશ્રીનું ધ્યાન દોર્યું હતું કે, દેશમાં ઉત્પાદિત TOPCon સેલ્સ અને આયાતી TOPCon સેલ્સ વચ્ચે ગુણવત્તામાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે. હાલ દેશી સેલ્સ આંતરરાષ્ટ્રીય ધોરણોની સરખામણીએ હજુ વિકાસના તબક્કામાં હોવાથી સોલાર પ્રોજેક્ટ્સની કાર્યક્ષમતા પર તેની અસર પડી શકે છે.

ચેમ્બરે વધુમાં જણાવ્યું હતું કે, દેશી TOPCon સેલ્સ અને આયાતી TOPCon સેલ્સ વચ્ચે ભાવમાં પણ મોટો તફાવત છે, જે આશરે રૂપિયા ૯ પ્રતિ વોટ જેટલો છે. એટલે કે પ્રતિ મેગાવોટ લગભગ રૂપિયા ૯૦ લાખ જેટલો વધારાનો ખર્ચ થાય છે. આ વધારાનો ખર્ચ સોલાર પ્રોજેક્ટ્સના મૂડી ખર્ચમાં વધારો કરીને અકાર્યક્ષમ એસેટ્સ સર્જવાની શકયતા ઉભી કરી શકે છે. ચેમ્બરે સચિવશ્રીને વધુમાં જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિમાં આ નિયમનો અમલ કરવામાં આવશે તો સોલાર પ્રોજેક્ટ્સના ખર્ચમાં વધારો થવાની શકયતા છે તેમજ દેશમાં

અનુસંધાન પાના ૭ પર



# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલા દિવસની ઉજવણી

## વિવિધ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન

ભરૂચ, તા.૯

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ મહિલાઓના સન્માન અને પ્રોત્સાહન માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ધારાસભ્ય સાહેબ રમેશભાઈ મિસ્ત્રી ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ તથા મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ પરેશ મેવાડાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

આ પ્રસંગે ભરૂચ જિલ્લામાં શ્રેષ્ઠ વહીવટ અને ઉત્કૃષ્ટ કાર્ય કરનારા કાશ્મીરાબેન સાવંત (મહિલા અને બાળ વિકાસ અધિકારી), માધવીબેન મિસ્ત્રી (મામલતદારશ્રી), શ્વેતા ઠાકોર (સામાજિક અગ્રણિ), સંધ્યા મિશ્રા (સામાજિક અગ્રણિ), કિન્જલબેન ચૌહાણ (વિસાખા ફાઉન્ડેશનના સભ્ય)ના

અનુસંધાન પાના ૭ પર



પ્રતાપ દર્પણ

# વિશ્વ મહિલા દિવસ

નારી તું નારાયણી' એનું સમર્પણ અને ભાવના વિશ્વમાં અજોડ છે. જગતમાં મહાપુરુષોને જન્મ આપનારી નારી એ ખરેખર નારાયણી છે. નારી સમાજનું મહત્વપૂર્ણ અંગ છે. એક નારી માત્ર પોતાના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે પણ ઘણું યોગદાન આપે છે. માતા તરીકે તે બાળકોને સારા સંસ્કાર આપે છે, શિક્ષિકા તરીકે જ્ઞાન આપે છે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે છે.આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. તેઓ ડૉક્ટર, શિક્ષક, વૈજ્ઞાનિક, ખેલાડી અને નેતા તરીકે દેશનું નામ રોશન કરી રહી છે.



પરંતુ હજુ પણ કેટલીક જગ્યાએ મહિલાઓને ઘરમાં સમ્માન અને સમાન અધિકાર અને તકો મળતી નથી. નારીનું સન્માન જાળવવું અને તેની ભાવનાઓની કદર કરવી એ જ 'દ્વીહ'જ ડે ' માટેની સાચી શુભકામના છે. તેથી આપણે સૌએ મહિલાઓનું સન્માન કરવુ જોઈએ, તેમને સમાન તકો આપવી જોઈએ અને તેમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી સાચી રીતે 'Women's ડે ' ને સાર્થક બનાવો.

**હંસા ચાવડા (શિક્ષક)**




હું એક નારી છું...
હું એક નારી છું
માત્ર હું એક નામ નથી
પણ, હું છું એક અસ્તિત્વ
દીવો બની હું ઘરમાં ઉજાસ ફેલાવું છું
અને દુનિયામાં હું તેજ ફેલાવું છું
માં બની મમતા હું વરસાવું છું
દીકરી બની સપના હું સજાવું છું
બહેન બની હું સાથ નિભાવું છું
પત્ની બની હું જીવનને સંભાળું છું
હું સહનશીલતાની મૂરત છું,
પણ, જરૂર પડે ત્યારે હું મહાશક્તિનું સ્વરૂપ છું
હાસ્ય પાછળ હું રુદન ભુલાવું છું
સૌના સુખમાં હું પોતાનું સુખ શોધી લઉં છું
હું એક નારી છું,
હું સૃષ્ટિનો આધાર છું
દુનિયા મારા વગર અધુરી છે
કારણ કે જીવનની સાચી હું જ સુંદરતા છું.
ગર્વ છે મને સ્ત્રી હોવાનો
ગર્વ છે મને મારા સર્જનહારનો.

**-અંકિતા નચિકેત નાયક જે. એચ.બી સરદાર સ્કૂલ, અડાજણ, સુરત**

## નમસ્કાર સૌને...

આજનો દિવસ ખૂબ ખાસ છે, કારણ કે આજે આપણે ઉજવી રહ્યા છીએ મહિલાઓની શક્તિ, હિંમત અને સફળતાનો દિવસ – Women's Day.

મહિલા માત્ર એક સંબંધ નથીપ
મહિલા એ પ્રેમ છે, સજ્જનશીલતા છે, શક્તિ છે અને પ્રેરણા છે.
એક મહિલા ઘરમાં માતા બનીને પરિવારને સંભાળે છે,
દીકરી બનીને ખુશીઓ ફેલાવે છે,
મિત્ર બનીને સાથ આપે છે
અને જ્યારે જરૂર પડે ત્યારે પોતાની મહેનત અને હિંમતથી દુનિયામાં પોતાની ઓળખ પણ બનાવે છે.



ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ મહિલાઓને તક મળી છે,
ત્યારે તેમણે દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા સાબિત કરી છે –
ચાહે તે શિક્ષણ હોય, રમતગમત હોય, વ્યવસાય હોય કે સમાજ સેવા.
મહિલાની સફળતા માત્ર તેની પોતાની નથી હોતી,
પણ તેની સાથે આખું પરિવાર અને સમાજ પણ આગળ વધે છે.
તો ચાલો આજે આપણે દરેક મહિલાને સલામ કરીએ –
તેમની મહેનતને, તેમની હિંમતને અને તેમની સફળતાને.
મહિલા એ માત્ર ઘરનું આધાર નથી,
પણ સમાજની શક્તિ છે.
જ્યાં મહિલાનો સન્માન થાય છે,
ત્યાં પ્રગતિ અને સુખ સમૃદ્ધિ આપોઆપ આવે છે.
એક દીકરી જ્યારે સપના જોવાનું શરૂ કરે છે,
ત્યારે એક નવું ભવિષ્ય જન્મ લે છે.
અને જ્યારે એક મહિલા આગળ વધે છે,
ત્યારે આખો સમાજ આગળ વધે છે.

**પ્રાચી શાહ – એક એન્કર, શિક્ષિકા અને ફિટનેસ ટ્રેનર.**

---

આ દિવસ માત્ર શુભેચ્છાઓ આપવાનો દિવસ નથી, પરંતુ મહિલાઓની શક્તિ, સંઘર્ષ અને સિદ્ધિઓને યાદ કરવાનો દિવસ છે.

એક વકીલ તરીકે, હું રોજ ન્યાય અને કાયદાની દુનિયામાં કામ કરું છું. મારા અનુભવથી હું એટલું જરૂર કહી શકું છું કે જ્યારે કોઈ મહિલા પોતાના હક્કો માટે ઉભી રહે છે, ત્યારે તે માત્ર પોતાનું નહી પરંતુ ઘણી અન્ય મહિલાઓનું પણ ભવિષ્ય બદલે છે.

આપણા દેશનું સંવિધાન દરેક મહિલાને સમાન અધિકાર, સુરક્ષા અને સન્માનપૂર્ણ જીવન જીવવાનો હક્ક આપે છે. છતાં આજે પણ ઘણી મહિલાઓ પોતાના હક્કોથી અજાણ છે.



મારા માટે વકીલાત માત્ર વ્યવસાય નથી —
તે ન્યાય માટેની લડત છે,
તે મહિલાઓને અવાજ આપવાની જવાબદારી છે.

જ્યારે કોઈ મહિલા અન્યાય સામે ઉભી રહે છે, ત્યારે તે માત્ર પોતાને માટે નથી લડતી, પરંતુ સમગ્ર સમાજને એક સંદેશ આપે છે —
કે મહિલાઓ હવે મૌન રહેવાની નથી.

ઈતિહાસ સાબિત કરે છે કે જ્યારે મહિલાઓને તક મળે છે, ત્યારે તેઓ અસંભવને પણ સંભવ બનાવી શકે છે.

આજના દિવસે હું દરેક મહિલાને એક સંદેશ આપું છું:
તમારા હક્કો જાણો
તમારા સ્વાભિમાન માટે ઉભા રહો
અને તમારા સપનાઓ માટે ક્યારેય ડરશો નહી

કારણ કે એક શિક્ષિત, સશક્ત અને આત્મવિશ્વાસથી ભરેલી મહિલા માત્ર પોતાનું જીવન નહી, પરંતુ આખા સમાજનું ભવિષ્ય બદલી શકે છે.

ચાલો આપણે સૌ મળીને એવો સમાજ બનાવીએ જ્યાં મહિલાઓને માત્ર સુરક્ષા નહી પરંતુ સાચી સમાનતા અને સન્માન મળે.

અંતમાં હું એટલું જ કહું છું:
"જ્યારે મહિલા સશક્ત બને છે, ત્યારે આખો સમાજ સશક્ત બને છે."
આપ સૌને ફરી એકવાર
મહિલા દિવસની હાર્દિક શુભેચ્છાઓ.ધન્યવાદ.

શિક્ષિકા તરીકે મને ગર્વ થાય છે કે હું ભવિષ્યની પેઢીને શિક્ષણ અને સંસ્કાર આપવાનું કાર્ય કરી રહી છું. દર વર્ષે ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ સ્ત્રીઓની શક્તિ, હિંમત, સંઘર્ષ અને તેમના અમૂલ્ય યોગદાનને સન્માન આપવા માટે મનાવવામાં આવે છે. સ્ત્રી માત્ર પરિવારની સંભાળ રાખનારી નથી, પરંતુ સમાજ અને દેશના વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતા તરીકે તે બાળકને પ્રેમ અને સારા સંસ્કાર આપે છે, બહેન તરીકે સ્નેહ અને સહારો આપે છે અને દીકરી તરીકે પરિવારનું ગૌરવ વધારેછે.



એક શિક્ષિકા તરીકે સ્ત્રી માત્ર પુસ્તકોનું જ્ઞાન નથી આપતી, પરંતુ વિદ્યાર્થીઓને સારા મૂલ્યો, શિસ્ત અને આત્મવિશ્વાસ શીખવે છે. શિક્ષિકા બાળકોને સારા નાગરિક બનવા માટે પ્રેરણા આપે છે અને તેમને પોતાના સપના પૂરાં કરવા માટે માર્ગદર્શન આપે છે. આજના સમયમાં સ્ત્રીઓ શિક્ષણ, વિજ્ઞાન, દવા, રમતગમત, કલા અને રાજકારણ જેવા અનેક ક્ષેત્રોમાં સફળતા મેળવી રહી છે અને દેશનું નામ ગૌરવપૂર્ણ બનાવી રહી છે.

મહિલા દિવસ આપણને યાદ અપાવે છે કે સ્ત્રીઓને સમાન અધિકાર, સન્માન અને તક આપવી ખૂબ જરૂરી છે. જ્યારે સ્ત્રીઓ શિક્ષિત અને સશક્ત બને છે ત્યારે આખો સમાજ પ્રગતિના માર્ગે આગળ વધે છે. તેથી દરેક વ્યક્તિએ સ્ત્રીઓનો આદર કરવો જોઈએ અને તેમની શક્તિ અને પ્રતિભાને ઓળખીને તેમને આગળ વધવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. એક સશક્ત સ્ત્રી એક સશક્ત સમાજ અને સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. ???

**નેહા મીતેશ પટેલ, શિક્ષક, જે.એચ.બી. સરદાર પ્રાઈમરી ઈંગ્લિશ સ્કૂલ, અડાજણ,સુરત**

## બદલાતી મહિલા, બદલાતો સમાજ નારીના વિચાર, વાણી અને વર્તનમાં આવતું પરિવર્તન સમાજને નવી દિશા આપી શકે છે:પ્રતિમા સોની

જ્યારે મહિલા બદલાય છે, ત્યારે માત્ર સમય નહીં આખો સમાજ નવી દિશા શોધવા લાગે છે."

સમય બદલાઈ રહ્યો છેપ સાથે મહિલાની ભૂમિકા, વિચારધારા અને જીવન જીવવાની રીત પણ નવી દિશામાં આગળ વધી રહી છે. પરંતુ આ પરિવર્તન સમાજ માટે કેટલી નવી શક્યતાઓ અને કેટલા નવા પ્રશ્નો લઈને આવ્યું છે?

એક સમય હતો જ્યારે મહિલાની ઓળખ મુખ્યત્વે ઘર સુધી મર્યાદિત માનવામાં આવતી. આજે એ જ મહિલા શિક્ષણ, વિજ્ઞાન, રાજકારણ, રમતગમત, વ્યવસાય અને ટેક્નોલોજી જેવા અનેક ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ બનાવી રહી છે.

પરંતુ માત્ર સ્થાન બદલાયું નથી, વિચાર, વાણી અને વર્તનમાં પણ મોટા પરિવર્તન દેખાઈ રહ્યા છે. આ પરિવર્તન ઘણી જગ્યાએ પ્રગતિનો સંકેત છે, તો કેટલીક જગ્યાએ વિચારવાની જરૂર પણ ઉભી કરે છે.



આજની મહિલા આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓને જીવવા તૈયાર છે. તે હવે માત્ર જવાબદારીઓ નિભાવતી નથી, પરંતુ નિર્ણયો લેતી, માર્ગ બનાવતી અને સમાજને નવી દિશા આપતી શક્તિ બની રહી છે.

આજની મહિલા માટે જીવન માત્ર એક ભૂમિકા સુધી સીમિત નથી. તે એક સાથે વ્યવસાયિક, માતા, દીકરી, પત્ની અને સમાજની જવાબદાર સભ્ય બની રહી છે.આ સંતુલન સરળ નથી. પરંતુ ઘણી મહિલાઓ એ સાબિત કરી રહી છે કે જો પરિવાર, સમાજ અને કાર્યસ્થળે થોડો સહયોગ મળે તો મહિલા પોતાના સપનાઓને પણ સાકાર કરી શકે અને જવાબદારીઓ પણ સારી રીતે નિભાવી શકે.સાચું સશક્તિકરણ એ નથી કે મહિલા એકલી બધું સહન કરે, પરંતુ એ છે કે જવાબદારીઓ વહેંચાય અને તેને આગળ વધવાની તક મળે.

એક પ્રેરણાદાયક ઉદાહરણ: ગુજરાતમાં ઘણી એવી મહિલાઓ છે જેમણે પોતાના કાર્યથી સમાજને પ્રેરણા આપી છે. ફાલ્ગુની નાયર એ એક સુંદર ઉદાહરણ છે. જીવનના મધ્યવયે તેમણે પોતાની નોકરી છોડીને એક નવું સ્વપ્ન શરૂ કર્યું અને આજે તેમની કંપની હજારો મહિલાઓને રોજગાર અને પ્રેરણા આપી રહી છે.

આવું ઉદાહરણ બતાવે છે કે ઉંમર, પરિસ્થિતિ કે પડકારો મહિલાના સપનાઓને રોકી શકતા નથી.

પરિવર્તન સમયની જરૂર છે. પરંતુ કોઈપણ બદલાવ ત્યારે સુંદર બને છે જ્યારે તેમાં સંસ્કાર, સંવેદના અને જવાબદારી જોડાયેલી હોય.

આજની મહિલાએ સ્વતંત્રતા મેળવી છે, પણ સાથે સાથે સમાજમાં સંવાદ, સમજણ અને સહઅસ્તિત્વનું સંતુલન જાળવવું પણ એટલું જ જરૂરી છે.

એક નાની દીકરીએ પોતાની માતાને પૂછ્યું – 'મમ્મી, તમે એટલું બધું કામ કરો છો, તમને થાક નથી લાગતો?' માતા હસીને બોલી – 'થાક તો લાગે છે, પરંતુ જ્યારે હું વિચારું છું કે મારી મહેનતથી તારી આવતીકાલ વધુ સુંદર બનશે, ત્યારે મારી શક્તિ પાછી આવી જાય છે.'

આ નાની વાતમાં મહિલાની સાચી શક્તિ છુપાયેલી છે. ઘણી વખત મહિલા પોતાના સપનાઓ કરતાં પહેલાં આવનારી પેઢીનું ભવિષ્ય ઘડતી હોય છે.

"વિચારમાં પ્રગતિ, વાણીમાં સંસ્કાર અને વર્તનમાં સંતુલન – આજની મહિલાની સાચી ઓળખ છે."

શું આ વિચારવા જેવી વાત છે ?

સમાજ ઘણીવાર મહિલાને પ્રશ્ન કરે છે કે તે કેટલી બદલાઈ ગઈ છે.

પરંતુ કદાચ સમય આવી ગયો છે કે સમાજ પોતાને પણ પૂછે

શું આપણે મહિલાને આગળ વધવા માટે પૂરતો સહયોગ આપી રહ્યા છીએ?

શું કામ અને ઘર બંને જગ્યાએ જવાબદારીઓ સાચે વહેંચાઈ રહી છે?

કારણ કે જ્યારે મહિલા નિર્ભયતાથી પોતાના સપનાઓ જીવી શકે, ત્યારે માત્ર એક વ્યક્તિ નહી, આખો સમાજ આગળ વધે છે.

"મહિલા માત્ર પોતાનું જીવન નથી બનાવતીપ........તે આવનારી પેઢીનું ભવિષ્ય ઘડે છે."

**પ્રતિમા સોની**
**એકેડમિક ડિરેક્ટર**
**ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સ**

## શીખવાની કોઈ ઉંમર હોતી નથી. હમેશાં અવનવું શીખો, અજમાવો,: શીતલ સંજાણવાલા



અગર એક મહિલા દેશ ચલાવી શકે, રાજ્ય ચલાવી શકે, પરિવાર ચલાવી શકે તો વ્યવસાય કેમ નહીં?

આજના સમયમાં દરેક સ્ત્રીએ પોતાના પગ પર નિર્ભર રહેવું જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની તકલીફ આવે તો તે પોતાની રીતે રસ્તો શોધી શકે... હું દરેક સ્ત્રી ને કહેવા માંગુ છું કે સ્ત્રી એ એક શક્તિ છે જેથી તમે જાતે તમારી જાત ને ઓળખો અને સફળતા ના શિખરો સર કરો.

આજ સ્ત્રીઓ ની ઓળખ સાથે હું શીતલ સંજાણવાલા આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે દુનિયાનું ઘડતર કરનાર નારી શક્તિ ને વંદન કરું છું. 'નારી તું નારાયણી' વાત ને સાર્થક કરતી હું એક નારી ગર્વ થી કહું છું, હા હું એક વ્યવસાય કરું છું. નાના બાળકો થી લઈ ને મોટા સુધી ના દરેક માટે TRADITIONAL તેમજ WESTERN ડ્રેસ ભાડે આપું છું. સ્કૂલ ના તેમજ સામાજિક પ્રોગ્રામમાં તેમજ દરેક તહેવારો ના સંબંધિત ડ્રેસ ભાડે આપું છું. આ વ્યવસાય શરૂ કર્યે દસ વર્ષ થઈ ગયા અને હવે મારા આ વ્યવસાય મારફત ઘણી અન્ય સ્ત્રીઓ ને કામ પૂરું પાડી એમને કમાણી ની તક આપી શકું એનો ગર્વ અનુભવું છું.

હું એક જ સલાહ આપું છું કે શીખવાની કોઈ ઉંમર હોતી નથી. હમેશાં અવનવું શીખો, અજમાવો, પોતાના માટે સમય કાઢો, ખુશ રહો અને સ્વસ્થ રહી પોતાના પરિવાર પણ ધ્યાન રાખો.

## ગુજરાતમાં મહિલાઓના શિક્ષણ અને વૈજ્ઞાનિક સશકતીકરણનો નૂતન અધ્યાય

### ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા એક વર્ષમાં ૮.૮૨ લાખથી વધીને ૯. ૦૭ લાખ સુધી પહોંચી

'સા વિદ્યા યા વિમુક્તયે' – એટલે કે વિદ્યા તે છે જે સર્વે બંધનોમાંથી મુક્તિ અપાવે છે. આ ઉક્તિ આજના યુગમાં મહિલાઓના જીવનમાં શિક્ષણની નિર્ણાયક ભૂમિકાને સચોટ રીતે ચરિતાર્થ કરે છે. દર વર્ષે તા. ૮ માર્ચના રોજ ગુજરાત સહિત વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ઉજવવામાં આવે છે.માનવ સભ્યતાના અભ્યુદય કાળથી જ ઈતિહાસના નિર્માણમાં નારી શક્તિનું પ્રદાન પાયાનું રહ્યું છે. વૈદિક કાળના પ્રખર તત્વચિંતક ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રાનું ભારતીય દર્શનશાસ્ત્રમાં વિશેષ સ્થાન છે. આ વારસો ઈસરોના ચંદ્રયાન-૩ મિશન માટે કાર્યરત મહિલા વૈજ્ઞાનિકોમાં પણ દ્રશ્યમાન થાય છે. ચંદ્રયાન-૩ મિશનના લોન્ચ સમયે ઈસરોના મિશન મોનિટરિંગ કેન્દ્રમાં પરંપરાગત ભારતીય પરિધાનમાં કાર્યરત મહિલાઓ સ્પેસ ઈજનેર અને વૈજ્ઞાનિક તરીકેની જવાબદારીઓ નિભાવી રહ્યા હતા. આ દ્રશ્ય ટેકનોલોજીકલ સફળતાનું પ્રતિક નહોતું, પરંતુ તે ભારતની મહિલાઓની ક્ષમતા, આત્મવિશ્વાસ અને સમર્પણનું પ્રેરણાદાયક પ્રતિબિંબ હતું. આ ક્ષણ દરેક ભારતીયની સ્મૃતિમાં ગૌરવપૂર્ણ રીતે આજે પણ સચવાયેલી છે.



આધુનિક સમયમાં મહિલાઓ તમામ ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહી છે. ગુજરાતના શૈક્ષણિક સૂચકાંકોમાં વૃદ્ધિ થઇ રહી છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીનીઓના પ્રવેશમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૨૫-૨૬ મુજબ રાજ્યમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વર્ષ ૨૦૨૩-૨૪માં ૮.૮૨ લાખ હતી જે વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૯. ૦૭ લાખ થઇ છે. આ ઉપરાંત મહિલા શિક્ષકોની સંખ્યા વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૧,૨૫૯ હતી જે વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૩,૭૮૫ થઇ છે. ટેકનીકલ શિક્ષણમાં વિદ્યાર્થીનીઓની પ્રવેશ સંખ્યામાં ક્રમિક વૃદ્ધિ જોવા મળી છે. વર્ષ ૨૦૨૨-૨૩ વિધાર્થીનીઓની સંખ્યા ૨૪,૭૩૨ હતી જે વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૧,૮૮૭ થઇ છે. અખિલ ભારતીય ઉચ્ચ શિક્ષા સર્વેક્ષણ ૨૦૨૧-૨૨ મુજબ દેશમાં ઉચ્ચ શિક્ષણ સ્તર પર વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત(STEM) વિષયોમાં કુલ નોંધણીમાં મહિલાઓની ૪૩ ટકા ભાગીદારી છે. કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા પ્રકાશિત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સ્ટેટેસ્ટિક રિપોર્ટ-૨૦૨૩ અનુસાર, દેશમાં સંશોધન અને વિકાસ પ્રવૃતિમાં STEM પ્રોફેશનલ તરીકે કાર્યરત કુલ કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી ૧૮.૬ ટકા છે.

## જ્યાં જ્યાં નારીની પૂજા થાય ત્યાં ત્યાં દેવતાનો વાસ થાય

હું આજે એક શિક્ષક તરીકે ફરજ નિભાવવું છું. તેને મને ખૂબ ગર્વ છે. આજે મહિલા દિવસ પર થોડીક વાતો કરીશ.

મહિલા દિવસ એટલે કે આપણી માતા, બહેન, દીકરી, પત્ની, વહુને માન-સન્માન આપવાનો દિવસ. આમ તો જો વર્ષના દરેક દિવસ મહિલાને સર્મપિત કરીએ તો કંઈ ખોટું નહિ, કેમ કે નારી તું શક્તિ છે, નારી તું નારાયણી છે.

"યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે યત્ર દેવતા"

અર્થાત જ્યાં નારીની પૂજા અને સન્માન થાય છે ત્યાં ત્યાં દેવતાનો વાસ થાય.

આજની મહિલા એક આધુનિક મહિલા છે. આજે મહિલા માટે કહેવતો બદલાઈ છે. વિચાર બદલાયા છે. એક મહિલા આજે કોઈ પર નિર્ભર ના રહી આત્મનિર્ભર બની છે. એક જાગૃત, નીડર, તાકાતવર નારીતરનાં દર્શન એક મહિલામાં શક્ય બન્યા છે. આજની મહિલામાં શક્ય બન્યા છે. આજની મહિલાનું જીવન ફક્ત ઘરની ચાર દિવાર, બાળકો, પતિ અને પરિવાર માટે કાર્યની સાથે સાથે આજની આધુનિક મહિલા સ્વયં માટે પણ સમય ફાળવતી જોવા મળે છે. આજની મહિલા એક ઘરની સાથે સાથે બહાર પણ કામ કરી પોતાનું તેમજ પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા સશક્ત બની છે.

મહિલા બધા જ ક્ષેત્રમાં કાર્ય કરી તેમાં પોતાનું યોગદાન આપી દેશ તેમજ દુનિયામાં પોતાનું નામ રોશન કરી રહી છે.

સરળ ભાષામાં કહીએ તો સ્ત્રી એટલે એક અગરબત્તી જેમાં આગ પણ છે, ધીરજ પણ છે, સહનશીલતા પણ છે અને તેનામાં પોતાની જાતને ધીમે-ધીમે બાળી સમગ્ર પરિવારને સુગંધિત કરવાની તાકાત પણ છે.

દુનિયા એમ કહે છે કે, સ્ત્રીનું કોઈ જ ઘર નથી હોતું, પરંતુ હકીકત તો એ છે કે સ્ત્રી વિનાનું ઘર નથી હોતું.

સ્ત્રી અને કિસ્મત જ્યારે સાથે આવે છે ત્યારે રંકને રાજા બનાવી દે છે. સ્ત્રી એ ત્યાગની પ્રતિમા છે જો બહેન છે તો પ્રેમનું દર્પણ છે, જો પત્ની છે તો ખુદનું સમર્પણ છે. જો ભાભી છે તો ભાવનાનો ભંડાર. જો મામી-માસી છે તો સ્નેહનો સત્કાર. જો કાકી છે તો કર્તવ્યની સાધના અને જો માં છે, તો સાક્ષાત પરમાત્મા છે.

અંતમાં બસ એટલું જ કહીશ કે કોઈપણ સ્ત્રી પાછળની સફળતાનું કારણ કોઈ હોય છે અને મારી સફળતા મારો પરિવાર છે. તેથી આજે હું તેમને પણ આભાર વ્યક્ત કરું છું.

મારા જેવી કરોડો મહિલાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

**- ધર્મિષ્ઠા કે. દારૂવાલા**



## તંત્રી લેખ... -

**સોમવાર, તા. ૦૯ માર્ચ ૨૦૨૬**

# યે આગ કબ બુઝેગી ?
# યુદ્ધથી ચિંતાનાં વાદળો

ઈરાન ઉપરનું ઇઝરાયલ અને અમેરિકાનું આક્રમણ ક્યાં સુધી ચાલશે? લડાઈ ક્યારે બંધ થશે? શરૂઆતમાં આ પ્રશ્નનો જવાબ હતો- બે-ચાર દિવસમાં! પણ હવે એમ લાગે છે કે, લડાઈ લાંબી ચાલશે. ઈરાન ખોખરું થવા છતાં વળતા મિસાઈલ હુમલા કરી રહ્યું છે. એટલું જ નહી રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પડોશી દેશોની માફી માગતાં હવે હુમલા નહી કરવાની ખાતરી આપી છે, તેમ છતાં યુએઇ પર મિસાઇલ-ડ્રોન હુમલા ચાલુ છે. વિયેતનામમાં જે રીતે અમેરિકાએ થાકીને, માર ખાઈને પીછેહઠ કરી તેવું જ ઈરાનમાં થશે એમ ઘણા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો માને છે. ટ્રમ્પે આક્રમણ કરવાનો નિર્ણય લીધો તે પહેલાં જ લશ્કરી નિષ્ણાતોએ એમને ચેતવ્યા હતા કે, આસાન નથી. અમેરિકાને આ લડાઈ ભારે પડી શકે એમ છે. ટ્રમ્પનું ગુમાન કંઈ ઓર જ હતું, તેમાં ઇઝરાયલ અને સાઉદી અરબે વધુ ચાનક ચડાવી. હવે ટ્રમ્પ કહે છે, ખોમેની મને પકડે તે પહેલાં મેં એને પતાવી દીધો ! પણ લડાઈ 'પતાવી' શકાશે? ઈરાને સૈન્ય તાકાત ઘણી ગુમાવી છે. ટ્રમ્પ-ઇઝરાયલ તેની હવાઈ સરહદ કબજે કરી લીધાનો દાવો કરે છે, પણ તેહરાન ઝૂકવાના મૂડમાં નથી. ઈરાને તે વિના શર્ત શરણાગતિ સ્વીકારે એવી ટ્રમ્પની વાતને સપનું લેખાવ્યું છે. ઇઝરાયલ અને અમેરિકાના એરફોર્સની શક્તિ અજોડ છે. ચીનનાં શસ્ત્રો પણ પાછાં પડે છે અને તેથી લડાઈમાં ઈરાનના પક્ષે જોડાવાની ઉતાવળ ચીનને નથી. રશિયા અને ચીન બંનેએ આક્રમણને વખોડતાં નિવેદન કર્યાં છે, પણ વિશ્વના કોઈ દેશ હજી માથું મારવા તૈયાર થયા નથી. ભારત - વડાપ્રધાન મોદીએ આરબ અમીરાત, કુવૈત, જોર્ડન વગેરેનો સંપર્ક સાધીને સંવાદ અને સમજૂતીનો આગ્રહ કર્યો છે, પણ લડાઈમાં ઊતરેલા નેતાઓ વાર્યા નહી વરે, તો હાર્યા પાછા ફરશે? એક વાત નક્કી છે કે, ઈરાન અમેરિકાને હરાવી શકે નહી. ઈરાન પણ જાણે છે છતાં લડે છે. હકીકતમાં ઈરાનનો વ્યૂહ લડાઈ લંબાવવાનો અને રણમેદાન વ્યાપક વિસ્તૃત બનાવવાનો છે. પશ્ચિમ એશિયામાં જેટલા દેશોમાં અમેરિકાનાં લશ્કરી મથકો છે - તેના ઉપર ઈરાને હુમલા જારી રાખ્યા છે. સાઉદી અરબના પાટનગર રિયાધમાં અમેરિકી એમ્બેસી ઉપર હુમલો કરીને ભારે નુકસાન કર્યું, છાપરાં પણ ઉડાવી દીધાં તે નાનીસૂની વાત નથી. આખરે અમેરિકાએ એમ્બેસી બંધ કરી અને સમગ્ર પશ્ચિમ એશિયામાં અમેરિકન નાગરિકોને વિસ્તાર છોડીને સલામતી શોધવા જણાવ્યું છે! ઇઝરાયલમાં પણ ઈરાનની ડ્રોન સેનાએ ઘણું નુકસાન કર્યું છે. દુબઈ તો સલામત સ્વર્ગ ગણાય - તેના ઉપર પણ સફળ હુમલા થયા છે. ઈરાનનો વ્યૂહ રણમેદાન વિસ્તૃત કરવાનો છે અને હજુ સુધી સફળ થયો છે. આ ઉપરાંત હોર્મુઝ ખાડી બંધ કરવાથી વિશ્વનાં અર્થતંત્ર માટે આફત છે. ક્રૂડતેલ અને વ્યાપારનાં ટેન્કરો સાથે વિશાળ જહાજો અટવાઈ ગયાં છે. આપણી પાસે ક્રૂડતેલનો અનામત જથ્થો - સ્ટોક છે, પણ ક્યાં સુધી ચાલશે ? ક્રૂડતેલના ભાવ વધવા લાગ્યા છે. ભારત જ નહી, દુનિયાના તમામ દેશો માટે આર્થિક કટોકટી ઊભી થઈ શકે છે. તેલ સાથે અન્ય તમામ જીવન જરૂરી સામાનના ભાવ વધે તો સામાજિક અશાંતિ અને રાજકીય અરાજકતા ઊભી થાય અને આ સ્થિતિ માટે આખરે તો જવાબદારી અમેરિકાની જ ગણાય. અમેરિકા અને યુરોપમાં પણ લડાઈ વિરોધી દેખાવો થઈ રહ્યા છે. માત્ર મુસ્લિમો નહી, તમામ લોકો લડાઈનો વિરોધ કરે છે. આક્રમણ-લડાઈ જાહેર કરવાની સત્તા માત્ર અમેરિકી સંસદ - કોંગ્રેસને છે, પણ ટ્રમ્પે તેને હાંસિયામાં ધકેલીને અમેરિકાને લડાઈમાં ધકેલ્યું છે, તેથી રાજકીય વિરોધ પણ વધ્યો છે. ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા ખોમેનીને 'પતાવી' દીધા, પણ એમનું લક્ષ્ય ઈરાનમાં શાસનતંત્ર બદલી નાખવાનું છે

## રોકડનું વધતું ચલણ

રોજબરોજના વ્યવહારોમાં રોકડનું પ્રમાણ ખાસ્સું ઊંચું છે, સત્તાવાર આંકડા મુજબ ગત જાન્યુઆરી મહિનામાં વિક્રમી ૪૦ લાખ કરોડની કરન્સી સર્ક્યુલેશનમાં હતી, જે ગયાં વર્ષે આ સમયગાળાની સરખામણીમાં ૧૧.૧ ટકા જેટલો વધારો સૂચવે છે. ડિજિટલ પેમેન્ટની દિશામાં આગળ વધવાની સરકારી પહેલ છતાં દેશના નાગરિકો હજી પણ મોટાં પ્રમાણમાં રોકડમાં વ્યવહાર કરે છે. છેલ્લા એક દાયકામાં કરન્સી હોલ્ડિંગ્સમાં સ્થિર વધારો થયો હોવાનું જોવા મળે છે. ભારતમાં હજી પણ લોકોને હાર્ડ કેશમાં વિશ્વાસ છે અને એનાં કારણો પણ વ્યાપક છે. જો કે, આ સાથે જ ડિજિટલ પેમેન્ટમાં પણ સાતત્યપૂર્વક વધારો થતો હોવાનું જોવા મળી રહ્યું છે અને છતાં રોકડ પરનો મદાર, વિશ્વાસ અને ઢોળાવ ચોંકાવનારો છે. ૨૦૨૫માં આ સમયગાળામાં જ કરન્સી ઇન સર્ક્યુલેશનમાં ૫.૩ ટકા જેવો વધારો થયો હતો. આથી આ વખતે તેમાં બમણા જેટલો ઉછાળો આવ્યો છે. માસિક યુપીઆઇ વ્યવહારો રૂા. ૨૮.૩ લાખ કરોડની આસપાસ પહોંચ્યા હોવાનું એસબીઆઇએ હાથ ધરેલા સંશોધનમાં સામે આવ્યું છે, જે અર્થતંત્રમાં કુલ કેશ સ્ટોકના ૭૦ ટકા જેટલું છે. આમ છતાં, રોકડ પ્રત્યે ભારતીયોનું વળગણ ઓછું થતું નથી. જુલાઈ ૨૦૨૫માં એકલા કર્ણાટકમાં ૧૮,૦૦૦ જેટલી જીએસટી ડિમાન્ડ નોટિસો જારી કરવામાં આવી હતી. અનેક નાના વેપારીઓ આનાં કારણે યુપીઆઇ કે ડિજિટલ પેમેન્ટથી કેશ તરફ વળ્યા હતા. કર્ણાટકની જેમ પશ્ચિમ બંગાળ, કેરળ, બિહાર અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં પણ ડિજિટલ પેમેન્ટ તરફ ઉદાસીનતા વધતી હોવાનું આંકડા કહે છે. આ રાજ્યોમાં એટીએમ દ્વારા નાણાં કઢાવવાનું પ્રમાણ કર્ણાટકમાં ૨૦૨૫ના જુલાઈ મહિનાઓમાં મોકલવામાં આવેલી જીએસટી નોટિસો પછી વધ્યું હોવાની ચોંકાવનારી માહિતી એસબીઆઇએ હાથ ધરેલાં સંશોધનમાં સામે આવી હતી. જીએસટીનાં વર્તુળમાં આવવાથી બચવા ફરી રોકડમાં વ્યવહાર કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે, તો બેન્ક થાપણો પર વ્યાજદર ઘટી રહ્યા હોવાથી ગ્રામીણ વિસ્તારોમાં લોકો રોકડ પોતાની પાસે રાખવાનું વધુ પસંદ કરતા હોવાનું વલણ જોવા મળી રહ્યું છે. એક શક્યતા એવી પણ છે કે, સોનાં-ચાંદીના આસમાને પહોંચેલા દરોને કારણે લોકોએ આ મોંઘી ધાતુઓ વેચી રોકડી કરી લીધી હોય અને આથી તેમની પાસે રોકડ વધી હોઈ શકે. રૂપિયા બે હજારની ચલણી નોટ પાછી ખેંચાવાને કારણે મધ્યમ મૂલ્યની ચલણી નોટનું પ્રમાણ ચલણમાં વધ્યું છે. એ જ રીતે ૨૦ રૂપિયાથી ઓછાં મૂલ્યની નોટોનું મહત્ત્વ ચલણમાં ઓછું થયું છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, આ ટ્રેન્ડ ચિંતાજનક નથી, કેમ કે, એકંદર લોકો વધુ રોકડ ધરાવે છે, પણ કેશ-ટુ-જીડીપી ગુણોત્તરમાં ઘટાડો થઈ રહ્યો છે અને જે રીતે યુપીઆઇ વ્યવહારોમાં વૃદ્ધિ થઈ રહી છે. આમ લોકો પાસે રોકડ વધુ હોવા છતાં ચલણમાં તેનું પ્રમાણ બહુ વધ્યું નથી, એવી દલીલ નિષ્ણાતો કરી રહ્યા છે.

**આ રાજ્યોમાં એટીએમ દ્વારા નાણાં કઢાવવાનું પ્રમાણ કર્ણાટકમાં ૨૦૨૫ના જુલાઈ મહિનાઓમાં મોકલવામાં આવેલી જીએસટી નોટિસો પછી વધ્યું હોવાની ચોંકાવનારી માહિતી એસબીઆઇએ હાથ ધરેલાં સંશોધનમાં સામે આવી હતી.**

**ભારત સહિત સાત દેશનું સંગઠન છે. ગલ્ફ કો - ઓપરેશન કાઉન્સિલ સાથે ભારત વ્યાપારમાં સૌથી મોટું ભાગીદાર છે.**

# બધા હારશે, તો જીતેગા કૌન ?

## ભારતની પ્રાથમિકતા આપણા લોકો હેમખેમ સ્વદેશ ભેગા થાય તે છે.

ભારતનાં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં આંતરિક કટોકટી - ઈમર્જન્સી જાહેર કરી, ત્યારે દેશભરમાં વિરોધ અને અંધાધૂંધી હતી અને આ સ્થિતિ પાછળ 'વિદેશી હાથ' - અમેરિકાની ગુપ્તચર સંસ્થા સીઆઈએ હોવાનો સ્પષ્ટ આક્ષેપ હતો. ઈન્દિરાજીએ તો જાહેરમાં કહ્યું હતું કે એમની હત્યાનાં કાવતરાં ઘડાઈ રહ્યાં છે. આ દરમિયાન ચીલીમાં પ્રથમ વખત માર્ક્સવાદી સરકાર અને એજેન્દે પ્રમુખ બન્યા હતા. અમેરિકા અને મૂડીવાદ સામે આ ગંભીર પડકાર હતો. અન્ય દેશોમાં પણ મૂડીવાદની હકાલપટ્ટી થવાની શક્યતા હતી. આખરે એજેન્દેની હત્યા પાછળ સીઆઈએનો હાથ હોવાનું જગજાહેર હતું. અમેરિકા સોવિયેત સંઘની એકતા અને પડકાર તોડવા માગતું હતું. ૧૯૭૧માં બાંગલાદેશની લડાઈ વખતે ભારતે સોવિયેત રશિયા સાથે વીસ વર્ષના મૈત્રી કરાર કર્યા. પાકિસ્તાનની વહારે આવવા અમેરિકી નૌકાદળના સાતમા કાફલાનાં યુદ્ધજહાજો નીકળ્યાં હતાં, પણ ભારતની દૃઢતા અને સોવિયેત સાથે સલામતી - મૈત્રીના કરાર થયા હોવાથી લીલાં તોરણે પાછાં ફર્યાં હતાં. ભારત ઉપર નિક્સન અને હેન્રી કિસિંજરનો ગુસ્સો - દાઝ જાણીતી હતી, પણ ઈન્દિરા ગાંધીએ ચીલીની ઘટના પછી કાવતરાંનો પર્દાફાશ કર્યો, તેથી ભારતમાં સીઆઈએને સફળતા મળી નહીં. વડાપ્રધાન મોદી સામે પણ કાવતરાં થયાં છે. વિદેશી સાથે સ્વદેશી હાથ જોડાયા છે, પણ કાવતરાંખોરો હાથ સાથે માથાં ખંજવાળી રહ્યા છે. વિશ્વના દેશોમાં શક્તિશાળી શાસકોને હટાવવા - 'પતાવી' દેવાનો અમેરિકી ઈતિહાસ છે! ઈરાકના સદામ હુસૈન અને લિબિયાના ગદ્દાફીથી લઈને વેનેઝુએલાના પ્રમુખ - વડાપ્રધાનનું અપહરણ કરીને હાથમાં બેડી પહેરાવીને ન્યૂયોર્કના રાજમાર્ગ ઉપર કેદીની જેમ પગપાળા કોર્ટમાં લઈ જવાયા. સદામ હુસૈન સામે ડિસેમ્બર - ૨૦૦૩માં પકડીને 'કાનૂની કાર્યવાહી' શરૂ થઈ, ત્યારે એણે કહ્યું હતું : ગેરકાયદે રીતે મને પદભ્રષ્ટ કર્યો છે. 'હું હજુ ઈરાકનો પ્રેસિડન્ટ છું.' પણ અમેરિકાની શક્તિ સામે કાનૂન - આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાચાર છે, ગુલામ છે ! અણગમતા દેશ અને નેતાને હટાવાયા છે. રિચાર્ડ નિક્સનથી ડોનાલ્ડ ટ્રમ્પ સુધી આ 'વિદેશનીતિ' રહી છે. એકમાત્ર વિયેતનામમાં હાર થઈ અને પીછેહઠ કરવી પડી, કારણ કે ત્યાં ગેરીલા વોર સામે હાર અને માર ખાવો પડયો, ખમવો પડયો. અમેરિકામાં પણ લોકોએ આ યુદ્ધનો ભારે વિરોધ કર્યો હતો ! હવે વ્યૂહ બદલાયો છે : સ્થાનિક સરકાર સામે લોકોમાં અસંતોષ અને વિરોધનો વંટોળ જાગે, લોકતંત્ર ખતરામાં હોવાની હો - હા જગાવાય ત્યારે જગત જમાદાર લોકતંત્ર બચાવવા માટે આવે. શાસકનું અપહરણ કે હત્યા થાય, નવા અંગૂઠાછાપને બેસાડવામાં આવે. અલબત્ત, પરિવર્તન પછી પણ આંતરિક વિરોધ અને બળવાની સ્થિતિ શાંત થાય નહીં, હિંસાચાર વધે. આવા અનુભવ અને સ્થિતિ જોવા મળી છે. અત્યારે ઈઝરાયલે ઈરાન ઉપર આક્રમણ કર્યું તે સમજી શકાય છે, પણ અમેરિકાએ આક્રમણ શા માટે કર્યું ? ટ્રમ્પે તાજેતરમાં કહ્યું છે કે છેલ્લાં ૪૭ વર્ષથી ઈરાન અમારું દુશ્મન રહ્યું છે. ધાકધમકીઓ આપી છે અને આતંકવાદ વધાર્યો છે. હવે અણુબોમ્બની ધમકી પણ આપે છે ! ખામૈની મને (અમેરિકાને) ખતમ કરવા માગતો હતો, પણ તેને જ 'પતાવી' દીધો છે ! ટ્રમ્પનો આ બચાવ અથવા દાવો ગળે ઊતરે એવો નથી. અમેરિકા માટે કોઈ તાત્કાલિક - રાતોરાત હુમલો થવાનો હોય એવા કોઈ પુરાવા એમણે આપ્યા નથી. સંવાદ કે વિવાદ થયા નથી, પણ ઈરાનમાં રાજાશાહી નાબૂદ થયાના દાયકાઓ પછી મજહબી હકૂમત આવી તેની અસર અખાતના અન્ય દેશોમાં લાગે એવી ભીતિ 'શેખ રાજ પરિવારોને' હતી, તેથી ના રહેગા બાંસ, ના બજેગી બાંસુરી...! ઈરાનમાં હકૂમત બદલવાની માગણી થઈ ! ઈરાન અણુસત્તા બનીને અમેરિકાને ખતમ કરી શકે ? વિનાશક અણુશક્તિનો પ્રસાર રોકવો હોય તો પછી પાકિસ્તાનના મુનીરને કેમ થાબડભાણાં કરાય છે ? 'ઈસ્લામી બોમ્બ'નાં નામે પાકિસ્તાન ચરી ખાય છે, તેને રોકવાની જરૂર નથી ? 'મામકા - પાંડવા', વહાલાં - દવલાંની ટ્રમ્પ નીતિ, ધૃતરાષ્ટ્ર દૃષ્ટિ ક્યાં સુધી ચાલી - ચલાવી શકાય ? ઈરાનમાં આંતરિક વિરોધ, વિદ્રોહ ભડક્યો અને ખામૈનીએ સખત હાથે - અમાનુષી શક્તિથી દબાવી દીધો - નરસંહાર કર્યો. આ પછી ટ્રમ્પે શાસન - શાસકો બદલવાની અને 'આઝાદી'ની ખાતરી - વચન આપીને આક્રમણ કર્યું. ૧૯૭૦ - ૭૧માં પાકિસ્તાને પૂર્વ પાકિસ્તાનમાં બંગાળીઓ ઉપર કેવા અત્યાચાર કર્યા હતા ? લાખ્ખો લોકોને ભારતમાં હિજરત પછી આશ્રય મળ્યો (ભારત આજે ભોગવે છે !) ત્યારે અમેરિકાને દયા આવી નહી? પાકિસ્તાની સેનાને બચાવવા માટે નૌકાદળનો કાફલો મોકલ્યો હતો ! લોકશાહીની ચિંતા કોને હતી? ખેર, ઈતિહાસની પરવા કોને છે ? ઈરાનના સુપ્રીમ લીડર ખામૈની ખતમ થયા પછી ભારતના વડાપ્રધાન મોદી કેમ મૌન રહ્યા ? એવી ટીકા વિપક્ષી નેતાઓ કરી રહ્યા છે, પણ મૌનની શક્તિની અસર જોવા મળી છે. આખરે ટ્રમ્પે રશિયન તેલની ખરીદી ઉપર મૂકેલી બંધી એક મહિના માટે ઊઠાવી લીધી છે. રશિયા કે ભારતની માગણી નહતી. ટ્રમ્પે આપમેળે જાહેરાત કરી છે... બંધી કરી ત્યારે અને ઊઠાવી લીધી ત્યારે પણ વિપક્ષ દુઃખી છે. તો શું બંધી ચાલુ રહે અને ભારતમાં ભાવવધારાના ભડકા થાય તો જ વિપક્ષ ખુશ થાય ? વિપક્ષોની દૃષ્ટિ આપણાં

રાજકારણ ઉપર છે : હત્યાના વિરોધમાં કાશ્મીરે બંધ પાળવાની જાહેરાત કરી. ટ્રમ્પ અને નેતન્યાહૂનાં પોસ્ટર બાળ્યાં. ઓવૈસી અને કોંગ્રેસનાં સોનિયાજી અને જયરામ રમેશે ભારતની તટસ્થ - સેક્યુલર વિદેશનીતિના લીરા ઊડયાની ટીકા કરી. આ પછી યોગ્ય સમયે વિદેશ વિભાગના સચિવે ઈરાની એમ્બેસીની મુલાકાત લઈને દિલસોજી નોંધાવી છે. ઈરાનનાં યુદ્ધજહાજ ઉપર ટોરપેડો છોડીને અમેરિકાએ ડૂબાવી દીધું તો રાહુલ ગાંધી કહે છે આપણાં આંગણે તોફાની સમુદ્ર છે, પણ વડાપ્રધાન મોદી મૌન છે ! હકીકતમાં મોદીએ રાહુલને પૂછવાની કે જવાબ આપવાની જરૂર નથી. ઈરાની નૌકાદળના સૈનિકો સમુદ્રમાં બચ્યા હોય તો તેની તપાસ કરવા આપણું નૌકાદળ કામે લાગ્યું છે. અમેરિકાએ ભારતીય સમુદ્રની સીમા ઓળંગી નથી. આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં ત્રીજા દેશોના મામલામાં આપણે દખલ કરી શકીએ નહી, છતાં આ ઘટનામાં ભારતને સંડોવવાનું રાજકારણ છે. કાનૂની સ્થિતિથી અજાણ - અજ્ઞાત નેતાઓ આવા મુદ્દા ઉઠાવી રહ્યા છે અને સાત દાયકા જૂની વિદેશનીતિના હવાલા આપી રહ્યા છે ! પશ્ચિમ એશિયામાં બદલાતા સંબંધ અને સમીકરણનો અભ્યાસ આ વિપક્ષી નેતાઓએ કર્યો છે? અખાતના નાના - મોટા તમામ દેશો સાથે આપણા સંબંધ ગાઢ બની રહ્યા છે. પાકિસ્તાનની વગ તદ્દન ધોવાઈ ગઈ છે, છતાં સાઉદીએ તેની સાથે સંરક્ષણ કરાર કર્યા છે. ઇઝરાયલ અને યુએઈએ હાથ મિલાવ્યા છે.

**રામ રહીમને પહેલાં દોષિત ઠેરવીને બબ્બે હાઈ પ્રોફાઈલ કેસમાં નિર્દોષ છોડી મૂકાયો એ શું સૂચવે**

# ન્યાયતંત્ર ભ્રષ્ટ નથી તો રામ રહીમ કેમ છૂટી ગયો ?

- **રામ રહીમ ઉપરાંત બીજા ૩ આરોપીઓ કુલદીપ સિંહ, નિર્મલ સિંહ અને કૃષ્ણ લાલને પણ ૧૭ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પંચકુલાની સ્પેશિયલ સીબીઆઇ કોર્ટે ૭-૭ વર્ષની કેદની સજા સંભળાવી હતી.**

ભારતીય ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગેનું પ્રકરણ સ્કૂલનાં અભ્યાસક્રમમાં સમાવાયું એ મુદ્દે સુપ્રીમ કોર્ટનો આક્રોશ તાજો છે. આપણા માનનિય ચીફ જસ્ટિસ સૂર્યકાન્ત સહિતના ન્યાયાધિશોએ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાનું સ્કૂલનાં છોકરાંને શિખવાડવા બદલ એનસીઈઆઈટીને ઝાટકી નાંખેલી ને આ પ્રકરણ રદ કરવા ફરજ પાડેલી. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે તો અત્યંત આકરા તેવર બતાવીને કહ્યું કે, આ દેશની સુપ્રીમ કોર્ટ કોઈને પણ ભારતીય ન્યાયતંત્રની બદનામી નહીં કરવા દે. આ વિવાદ હજુ તાજો જ છે ત્યાં પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હરિયાણાના પંચકુલામાં ૨૦૦૦ની સાલમાં પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા થઈ હતી અને હત્યા કેસમાં ડેરા સચ્ચા સૌદાના કર્તાહર્તા રામ રહીમને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. રામ રહીમ ઉપરાંત બીજા ૩ આરોપીઓ કુલદીપ સિંહ, નિર્મલ સિંહ અને કૃષ્ણ લાલને પણ ૧૭ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પંચકુલાની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે ૭-૭ વર્ષની કેદની સજા સંભળાવી હતી. આ સજા સામે રામ રહીમ સહિતના આરોપીઓએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે આ અરજી પર ચુકાદો આપતાં રામ રહીમને નિર્દોષ ગણાવીને છોડી મૂક્યો છે. હાઈ કોર્ટનું કહેવું છે કે પત્રકાર છત્રપતિની હત્યા કરવાનું કાવતરું રામ રહીમે ઘડ્યું હોવાના પૂરતા પુરાવા નથી તેથી રામ રહીમને નિર્દોષ છોડી મૂકવામાં આવે છે. રામ રહીમ સિવાયના બીજા ત્રણ આરોપી સામે પૂરતા પુરાવા હોવાનું ઠરાવીને હાઈ કોર્ટે તેમની સજા માન્ય રાખી છે. હાઈ કોર્ટનું કહેવું છે કે, કુલદીપ, નિર્મલ અને કિશન લાલ વિરુદ્ધના પુરાવા અને સાક્ષીઓની જુબાની પરથી સ્પષ્ટ છે કે, પત્રકાર છત્રપતિની હત્યામાં તેમનો હાથ હતો તેથી તેમની આજીવન કેદની સજાને યથાવત રાખવામાં આવે છે.સ્વાભાવિક રીતે જ આ ચુકાદાથી સૌનાં ભવાં ખેંચાયાં છે કેમ કે રામ રહીમ પર હરિયાણાની ભાજપ સરકાર મન મૂકીને વરસી રહી છે અને થોડા થોડા દિવસના અંતરે રામ રહીમને પેરોલ કે ફર્લો આપીને જેલની બહાર લઈ અવાય છે. રામ રહીમ હત્યા, બળાત્કારના કેસમાં દોષિત ઠર્યો હોવા છતાં ભાજપની મહેરબાનીથી જેલની અંદર ઓછો ને બહાર વધારે રહે છે. ભવાં ખેંચાવાનું બીજું કારણ એ છે કે, એક ચોક્કસ મોડસ ઓપરેન્ડી અમલમાં મૂકીને રામ રહીમને દૂધે ધોયેલો સાબિત કરવાનું કાવતરું પાર પાડવામાં આવી રહ્યું છે. રામ રહીમ ત્રણ ગંભીર અપરાધના કેસમાં દોષિત ઠરેલો પણ તેમાંથી બે કેસમાં નિર્દોષ છૂટી ગયો છે. રામ રહીમને પોતાના જ આશ્રમની એક સાધ્વીને હવસનો શિકાર બનાવીને બળાત્કાર ગુજારવાના કેસમાં ૧૦ વર્ષની સજા થઈ હતી. એ પછી ડેરા સચ્ચા સોદાના મેનેજર રણજિતસિંહની હત્યાના કેસમાં આજીવન કેદની સજા થયેલી ને પત્રકાર છત્રપતિની હત્યાના કેસમાં પણ આજીવન કારાવાસની સજા થયેલી. રામ રહીમ ડેરા સચ્ચા સોદાના મેનેજર રણજિતની હત્યા કેસમાં હાઈ કોર્ટમાંથી નિર્દોષ છૂટ્યો ને હવે બીજા કેસમાં પણ તેને નિર્દોષ છોડી મૂકાયો છે તેથી હવે એક જ કેસમાં એ દોષિત છે. બહુ નજીકના ભવિષ્યમાં એ કેસમાં પણ નિર્દોષ છૂટી જશે તેથી જેલની બહાર આવી જશે એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. રામ રહીમને સાધ્વીઓ પર બળાત્કારના કેસમાં ૧૦ વર્ષની કેદની સજા થઈ છે તેથી રામ રહીમે હજુ જેલમાં જ રહેવું પડશે પણ ભાજપની સરકાર મહેરબાન છે તેથી તેને ચિંતા નથી. પત્રકાર રામચંદ્ર છત્રપતિએ પોતાના અખબારમાં ડેરા સચ્ચા સોદાનાં કુકર્મોનો ભાંડો ફોડીને કેટલાક ગંભીર રિપોર્ટ છાપ્યા હતા. રામ રહીમના ચેલકાઓએ છત્રપતિને ચૂપ કરવા કોશિશ કરી પણ છત્રપતિ રણે ચડેલો એટલે ના માન્યો તેમાં ૨૦૦૨માં તેની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. રામ રહીમની વગના કારણે પહેલાં તો કશું ના થયું પણ પછી ભાજપે જ ખૂબ હોબાળો કર્યો એટલે આ કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી. સીબીઆઈએ પુરાવા શોધ્યા પછી સ્પેશિયલ કોર્ટે રામ રહીમ સહિત અન્ય આરોપીઓને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા સંભળાવી હતી. રામ રહીમને પહેલાં દોષિત ઠેરવીને બબ્બે હાઈ પ્રોફાઈલ કેસમાં નિર્દોષ છોડી મૂકાયો એ શું સૂચવે છે ? એ જ કે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે. નીચલી અદાલતને જે પુરાવા રામ રહીમને આજીવન કેસની સજા સંભળાવવા માટે પૂરતા લાગ્યા એ જ પુરાવા હાઈ કોર્ટને અપૂરતા લાગે તેનો અર્થ એ થયો કે, બેમાંથી કોઈ એક અદાલત ખોટી છે. એ જ સાક્ષીઓ છે ને એ જ પુરાવા છે છતાં માત્ર છ વર્ષમાં રામ રહીમ નિર્દોષ છૂટી જાય તેનો અર્થ સ્પષ્ટ છે કે કાં નીચલી અદાલતે ગરબડ કરેલી કે હાઈ કોર્ટે ગરબડ કરી છે. આપણે ત્યાં ન્યાયતંત્રથી લોકો ડરે છે તેથી સ્પષ્ટ રીતે તેની ટીકા કરતાં નથી. આપણી ન્યાય પ્રણાલીમાં ઘણું બધું ન્યાયાધીશોની મુનસફી પર છોડાય છે તેથી માનવસહજ ભૂલ ગણાવીને ન્યાયતંત્રનો બચાવ પણ કરાય છે, પણ રામ રહીમ જેવા પાવરફૂલ ને રાજકારણીઓના જેમના પર ચાર હાથ છે એવા લોકોના જ કેસમાં આવી માનવસહજ ભો કેમ થાય છે એ સવાલ મહત્ત્વનો છે. આ સવાલનો જવાબ સ્પષ્ટ છે કે, આપણું ન્યાયતંત્ર દૂધે ધોયેલું નથી ને માત્ર ન્યાયને જ મહત્ત્વ આપીને ચુકાદા નથી આપતું. આપણે ત્યાં ભ્રષ્ટાચારની વાત આવે ત્યારે પૈસાની લેવડદેવડની જ ચર્ચા થતી હોય છે, પણ માત્ર પૈસાની લેવડદેવડ થાય એ જ ભ્રષ્ટાચાર નથી. રાજકીય દબાણસર કે બીજાં કોઈ કારણસર ચુકાદા બદલાઈ જાય એ પણ ભ્રષ્ટાચાર જ છે. રામ રહીમના કેસમાં આ જ કારણ ભાગ ભજવી ગયાનું લાગે છે. રામ રહીમ અત્યંત પાવરફુલ હતો ને તેને કોઈ હાથ પણ અડાડવાની હિંમત નહોતું કરતું. ૨૦૧૭માં ભાજપ સરકારે તેને ઉઠાવીને જેલમાં નાંખ્યો ને પછી તેની સામે મજબૂત પુરાવા ઉભા કરીને સજા પણ કરાવી ત્યારે સૌ ન્યાયતંત્ર પર આફરીન થઈ ગયેલાં ને ભાજપની પણ વાહવાહી થઈ ગયેલી. હવે એ જ ન્યાયતંત્ર છે ને એ જ ભાજપની સરકાર છે પણ ચુકાદા બદલાઈ રહ્યા છે કેમ કે હવે ભાજપને જરૂર છે. રામ રહીમનો પોતાનો આગવો અનુયાયી વર્ગ છે કે જેને રામ રહીમ બળાત્કાર કરે કે હત્યા કરે તેનાથી કોઈ ફરક પડતો નથી. રામ રહીમ જેલમાં ગયો પછી પણ તેના અનુયાયીઓ તેની ભક્તિમાં લિન છે ને તેના ઈશારે જ વર્તે છે. આ ઘેટાંના ટોળાં જેવા અનુયાયીઓના મતોની લાલચમાં ભાજપ રામ રહીમનાં પાપ ધોઈને તેને સંત તરીકે ફરી સ્થાપિત કરવાનું ગંદુ કામ કરી રહ્યો છે અને લાગે છે કે, હાઈ કોર્ટ તેમાં સાથ આપી રહી છે.

**આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો?**

# તમારે ગુરુની જરૂર નથી

**જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઇશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે.**

ડાહ્યાભાઇ પીછો છોડે તેવા ન હતા. પાછા સવારે આવી પહોંચ્યા. વૃદ્ધ શરીરમાં તેમનો ઉત્સાહ અપાર હતો. મને કહે કે 'એક દિવસથી વધુ ન રોકાવાનો તમારો નિયમ છે તો ભલે, પણ આજ તમારે અહીં નજીકના ગામ વાલોડ આવવું પડશે.' મેં કહ્યું કે 'કેમ?' તો કહે કે 'એ બ્રાહ્મણોનું ગામ છે. આર્યસમાજી છે. ભલભલાને છક્કા છોડાવી દે છે. મારે તમને ત્યાં લઇ જવા છે અને બતાવી આપવું છે કે શેર ઉપર સવા શેર છે.' મને તેમની વાતનો થોડો આભાસ આવી ગયો હતો. રાત્રે જેમ ચિંતા થઇ હતી તેમ ફરી ચિંતા તથા ભયની અસર થઇ. મનમાં થયું કે 'આ ડોસો મને પેલા ગામના વિદ્વાનો સાથે લડાવવા માગે છે. અને મારું શું ગજું? ક્યાં એ વિદ્વાનો અને ક્યાં હું અજ્ઞાની?' મેં ડાહ્યાભાઇને ના કહીઃ 'મારે વાલોડ નથી આવવું. હું તો આ રેલે રેલે જઇશ.' પણ માને તો ડાહ્યાભાઇ શાના! મારા સ્વભાવની એક દુર્બળતા છે કે કોઇના દૃઢ આગ્રહ આગળ હું દૃઢ નથી રહી શકતો, ઝૂકી જાઉં છું. અંતે જમીને વાલોડ જવાની મેં સ્વીકૃતિ આપી. હું વાહનમાં બેસતો નહિ એટલે મારે પગપાળા જવું અને ડાહ્યાભાઇને બસમાં જવું એવું નક્કી થયું.

જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઈશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે. વાલોડમાં વિદ્વાન બ્રાહ્મણો રહે છે, તેમાં પાછા આર્યસમાજી તાર્કિકો. આ ડાહ્યાભાઇ કોઇ ધૂની માણસ છે. સિંહોની સાથે બકરાને બાથ ભિડાવવા લઇ જઇ રહ્યા છે. કાલ તો સૌ શ્રદ્ધાળુ શ્રોતાઓ હતા એટલે મારી કાલીઘેલી વાતોને પણ અહોભાવથી સાંભળતા હતા, પણ આજે તો કર્કશ તાર્કિકો છે. તે તર્કો કરશે. પ્રશ્નો પૂછશે. મને શું આવડે છે કે હું જવાબ આપી શકીશ? પ્રભો, તું જ લાજ રાખજે.'

આખી વાટ પ્રાર્થના કરતો રહ્યો. ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે. સાંજ પડવાની તૈયારી હતી અને હું વાલોડ પહોંચ્યો. નદીકિનારે ગણપતિનું મંદિર. હું જ્યારે મંદિરમાં પહોંચ્યો ત્યારે વીસ-પચીસ બ્રાહ્મણ વિદ્વાનો બેઠેલા. ગામોમાં સાંજે સૌ નવરા હોય એટલે મંદિરના ઓટલે આવીને બેસે. આરતી કરીને ઘેર જાય. યુરોપમાં કોઇ નવરું નહિ એટલે આવું શાંતિથી બેઠેલુ કોઇ ટોળુ ભાગ્યે જ જોવા મળે.મને હતું કે ડાહ્યાભાઇ પહોંચી ગયા હશે અને મારી વ્યવસ્થા કરી દીધી હશે. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. મને આવેલો જોઇને પેલા વિદ્વાનોએ કશી નોંધ લીધી નહિ. એક ખૂણામાં થેલો મૂકીને નાહવાના કપડા કાઢીને હું ચુપચુપ પેલી મઢીવાળી નદી જે અહીં પણ આવતી હતી ત્યાં નહાવા ગયો. સ્નાન-સંધ્યા કરીને પાછો આવ્યો. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. આરતી કરીને સૌ વીખરાવા લાગ્યા. અહીં મંદિરમાં જ રહેનાર કોઇ પૂજારી ન હતો. મંદિર ખુલ્લા જેવું જ હતું એટલે 'ઇધર રહનેકા નહીં હૈ'નો ડર ન હતો. સારું થયું કે મારે સાંજે જમવાનું ન હતું. નહીંતો પણ અહીં કોને પડી હતી કે મારે જમવાનું છે કે નહિ એમ પૂછે? બે-પાંચ માણસો સિવાય બધાય ધીરેધીરે વીખરાઇ ગયા. અંતે તો મારા સમાજે (સાધુસમાજે) જે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠા સ્થાપિત કરી છે તેના જ ફળ મારે વીણવાના હતા. કોઇએ મારો ભાવ ન પૂછ્યો તેમાં સાધુસમાજનું સમગ્ર રૂપ જવાબદાર હતું.મંદિરના એક ખૂણામાં બેઠો બેઠો ડાહ્યાભાઇના ધૂનીપણાને હું આક્રોશી રહ્યો હતો. 'મને અહીં ધકેલી દીધો અને પોતે તો હજી આવ્યા જ નથી.' ત્યાં તો જેમ વાદળમાં વીજળી ચમકે તેમ ભાઇસાહેબ ચમક્યા. મોડા આવવાનું કારણ બતાવી, જે બે-પાંચ માણસો બેઠા હતા તેમને ધમકાવવા લાગ્યા. 'ઓળખો છો આ કોણ છે? શુકદેવ છે શુકદેવ!' ગામ સાથે તેમનો આત્મીયતાનો સંબંધ હતો એટલે તથા તેમની નિખાલસતા તથા ભાવુકતાથી સૌ પરિચિત હોવાથી સૌ હસતા ચહેરે તેમની ઝાટકણીને સહન કરતા રહ્યા.ગઇકાલની મઢીની વાત રંગોળી પૂરીને કરી. સૌ ગામમાં ગયા અને જોતજોતામાં તો લોકો આવવા લાગ્યા. મંદિરનો હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો. મારી ચિંતાનો પાર ન હતો. 'આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો? ના... ના... હવે તો નહિ જ જાઉં.' હું વિચારના ચકડોળે ચકરીઓ ખાઇ રહ્યો હતો.આજે અહીં કાલની માફક વ્યાસપીઠ ગોઠવાઇ ન હતી. શ્રોતાઓમાં મોટો ભાગ પુરુષો અને તેમાં પણ બ્રાહ્મણોનો હતો. ડાહ્યાભાઇએ પ્રવચન માટે મને આગ્રહ કર્યો. હું ઊભો થયો અને કાંઇ અગડંબગડં બોલવા લાગ્યો. સવા-દોઢ કલાક બોલ્યો અને પોતાની જગ્યાએ બેસી ગયો.એક પ્રખર આર્યસમાજી વિદ્વાન ઊભા થયા અને પ્રવચન કરવા લાગ્યા. તેનો સાર હતો કે 'તમારે ગુરુ કરવાની જરૂર નથી. તમે પોતે ગુરુ જ છો.'પ્રવચન પછી સૌનું વલણ બદલાઇ ગયું હતું. સૌને મારામાં, મારી યાત્રામાં, મારા ધ્યેયમાં રસ જાગ્યો હતો.ડાહ્યાભાઇના ચહેરા ઉપર વિજયસ્મિત ફરકી રહ્યું હતું. તે જે બતાવવા માગતા હતા તે બતાવી દીધું હોય તેમ તેમને લાગતું હતું.આગળ મહારાષ્ટ્ર શરૂ થશે અને તમને તકલીફ પડશે. અમે તમને પ્રયાગરાજ સુધીની ટિકિટ કરાવી આપીએ, બીજી ચીજવસ્તુઓ લઇ આપીએ, તેવો ઘણાનો આગ્ર હોવા છતાં મેં કશું સ્વીકાર્યું નહિ. બીજા દિવસે પેલા વિદ્વાનને ત્યાં જમીને હું પાછો મંદિરે આવ્યો. જોઉં તો સફેદ ખાદીની સાડીઓમાં પ્રભાવશાળી ચાર-પાંચ ભદ્ર બહેનો મારી રાહ જોઇ રહી હતી. મારું નામ સાંભળીને નજીકના કોઇ સર્વોદય આશ્રમમાંથી તે ચર્ચા કરવા આવી હતી.સંન્યાસ ના લેવો જોઇએ તેવો તેમનો આગ્ર તથા સલાહ હતા. ત્યારે હું ખાદી કે ગ્રામઉદ્યોગ સંબંધી કાંઇ જાણતો નહિ. મારા નિર્ધારમાં મને દૃઢ જોઇને તે બહેનો આશીર્વાદ આપીને વિદાય થઇ. હું પણ સૌની ભાવપૂર્ણ વિદાય લઇને પાછો રેલવેના પાટા તરફના માર્ગ ચાલી નીકળ્યો.



# શ્રેયા ઘોષાલે કન્સર્ટમાં લિપ-સિંકિંગ કરનાર ગાયકોને આળસુ ગણાવીને ટીકા કરી

ગાયિકા શ્રેયા ઘોષાલ આજે દેશની શ્રેષ્ઠ ગાયિકાઓમાં એક ગણાય છે, તેનાં લાઇવ કોન્સર્ટની પણ ઘણી ડિમાન્ડ રહે છે, ત્યારે કન્સર્ટ દરમિયાન લાઇવ ગાવાની જગ્યાએ લિપ-સિંકિંગ કરનાર ગાયકોની તેમણે ટીકા કરી છે. શ્રેયાએ આ પ્રકારના ગાયકોના આળસુ ગણાવ્યા હતા. ઘણીવાર કન્સર્ટમાં ગાયકો લાઇવ ગાવાના બદલે લિપ-સિંક કરતા હોય તેવી ફરિયાદ શ્રોતાઓ કરતાં હોય છે. હવે શ્રેયા ઘોષાલે પણ આ મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. તાજેતરની એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન શ્રેયાએ કહ્યું, ‘‘આવું કામ બહુ જ આળસુ છે. તમે મહેનત નથી કરી. મારા વ્યક્તિગત મત મુજબ આવું કરવું યોગ્ય નથી.’’તેણે આગળ કહ્યું કે કેટલાક કલાકારો પોતાની રીતે ગાય છે અને ક્યારેક ગુણવત્તાના માપદંડ જાળવતા નથી. શ્રેયાએ કહ્યું, ‘‘મને ખબર છે કે પ્રેક્ષકોને શું ગમે છે તે હું નકારી શકું નહીં, પરંતુ એક કલાકાર તરીકે મારા કેટલીક સિદ્ધાંતો છે. મારું કોઈ એવું પરફોર્મન્સ જાહેરમાં વાગે જે હું પોતે સાંભળવા પણ તૈયાર ન હોઉં, તો એ મારા માટે ખુબ અપમાનજનક લાગે છે.’’શ્રેયાએ ઉમેર્યું કે કલાકારે પોતાની કળા માટે સતત મહેનત કરવી જોઈએ. ‘‘જો તમે આ સ્થાન મેળવ્યું છે તો તેનું મુલ્ય સમજો. દરરોજ મહેનત કરવી જરૂરી છે.’’તાજેતરમાં, ફેબ્રુઆરીમાં જ્યારે એ.પી. ધિલ્લોં જ્યારે કપિલ શર્માના શોમાં આવ્યો હતો, ત્યારે તે પોતાના લોકપ્રિય ગીત વિથ યુ પર લિપ-સિંક કરતો જોવા મળ્યો હતો, જેને કારણે ઘણા દર્શકોએ તેની લાઇવ ન ગાવા બદલ ટીકા કરી હતી.



# ભણસાલીની ‘લવ એન્ડ વોર’નું શૂટ પુર્ણતાને આરે- આલિયાની ખાતરી

આલિયા ભટ્ટે મેટ ગાલા પછી બાફ્ટામાં એન્ટ્રી કરી અને ત્યાર બાદ તે મિલાન ફેશન વીકમાં ગુચીની એમ્બેસેડર તરીકે હાજર રહી હતી. ત્યાર બાદ વોગ દ્વારા પણ તેનો વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં તે તૈયાર થઈ રહી હતી. ત્યારે તેણે હવે મિલાનમાં બીજી વખત હાજરી અંગે અને ભણસાલી સાથે ‘લવ એન્ડ વૉર’માં કામ કરવાના અનુભવ વિશે પણ વાત કરી હતી.

આલિયાએ કહ્યું કે તેને મિલાન શહેર, ત્યાંના લોકો અને ત્યાંના ખાન-પાન વિષે પણ વાત કરી હતી. પોતાની આવનારી ફિલ્મ વિશે વાત કરતાં આલિયાએ કહ્યું, ‘‘હાલ હું લવ એન્ડ વૉર નામની ફિલ્મ પર કામ કરી રહી છું. આ ફિલ્મ સંજય લીલા ભણસાલીએ ડિરેક્ટ કરી છે. અમારું શૂટિંગ બસ પૂરું જ થવા આવ્યું છે, અંતિમ તબક્કામાં છે. આ અનુભવ ખરેખર જાદુઈ છે. સંજય સર સાથે કામ કરવું એ જીવનમાં એક જ વાર મળે એવો અનુભવ હોય છે, મને એ મળ્યો તેના માટે હું નસીબદાર છું.’’

આલિયા સિવાય આ ફિલ્મમાં રણબીર કપૂર અને વિકી કૌશલ પણ છે. આલિયાની આ ભણસાલી સાથેની બીજી ફિલ્મ છે. આ પહેલાં તેણે તેમની સાથે ૨૦૨૨માં ગંગુબાઈ કાઠિયાવાડી ફિલ્મ કરી હતી. તેના માટે આલિયાને નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. ગયા અઠવાડિયે રણબીરે પણ પોતાનાં ઈસ્ટાગ્રામ લાઇવમાં આ ફિલ્મ પોસ્ટપોન્ડ થઈ હોવાની વાત કરી હતી. જોકે, હજુ આ ફિલ્મની રિલીઝ ડેટ અંગે કોઈ જ તારીખ જાહેર થઈ નથી. સૌ પહેલાં આ ફિલ્મ ૨૦૨૫ના ક્રિસમસ પર રિલીઝ થવાની હતી. ત્યાર બાદ ફિલ્મને ૨૦ માર્ચ, ૨૦૨૬ સુધી પોસ્ટપોન્ડ કરવામાં આવી. તેથી હવે એવા અહેવાલ હતા કે ફિલ્મ હવે ૨૦૨૭માં રિલીઝ થશે.

# યશની ટોક્સિક આખરે ૪ જૂન સુધી મુલતવી; ધુરંધર ૨ માટે હવે મોકળો માર્ગ




લાંબા સમયથી ચર્ચા અને આતુરતા હતી કે યશની ‘ટોક્સિક’ અને રણવીરની ‘ધુરંધર ૨’ વચ્ચે ઈદ દરમિયાન બોક્સ ઓફિસ પર મોટી ટક્કર થશે. પરંતુ હવે એવા અહેવાલો છે કે યશની ‘ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સ’ને ૪ જૂન સુધી પાછી ઠેલવામાં આવી છે. તેનો અર્થ એ છે કે ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ હવે ૧૯ માર્ચે સોલો રિલીઝ થશે.

આ અંગે ટોક્સિકના નિર્માતાઓ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘ કેવીએન પ્રોડક્શન્સ અને મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ દ્વારા આજે એક્શન-ડ્રામા ફિલ્મ ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સની ગ્લોબલ થિયેટ્રિકલ રિલીઝને વ્યૂહાત્મક રીતે રી-શીડ્યુલ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મ અગાઉ ૧૯ માર્ચ ૨૦૨૬એ વિશ્વભરમાં રિલીઝ થવાની હતી, પરંતુ મધ્ય પૂર્વમાં ચાલી રહેલી અનિશ્ચિત પરિસ્થિતિ અને વધતા તણાવને કારણે હવે ફિલ્મની રિલીઝ ૪ જૂન ૨૦૨૬ એ રાખવામાં આવી છે.’’

નિવેદનમાં આગળ કહેવાયું, ‘‘તેમના એક મુખ્ય ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનર ફાર્સ ફિલ્મ્સની સલાહ અનુસાર આ નિર્ણય લેવામાં આવ્યો છે. નિર્માતાઓ ૮ માર્ચે બેંગલુરુમાં દેશભરના મીડિયા સાથે ફિલ્મનું ભવ્ય ટ્રેલર લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા હતા, તે સ્થિતિમાં આ જાહેરાત આવી છે. ફિલ્મના અંતિમ પ્રમોશનલ શીડ્યુલ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. ફિલ્મનું પ્રથમ સિંગલ ‘તબાહી’ ૨ માર્ચે રિલીઝ થવાની તૈયારી હતી, છતાં નિર્માતાઓએ મ્યુઝિક વિડિયો અટકાવીને પ્રમોશનને થોડા સમય માટે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.’’

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું, ‘‘ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સ એવી ફિલ્મ છે જેની કલ્પના અમે અમે વૈશ્વિક દર્શકો માટે બનાવવાના વિઝન સાથે કરી હતી. કન્નડ અને અંગ્રેજીમાં ફિલ્માવવામાં આવેલી આ ફિલ્મ ઘરઆંગણે તેમજ વિશ્વભરના દર્શકો સાથે જોડાવાની ક્ષમતા સાથે તૈયાર કરવામાં આવી છે. ઘણા વર્ષોની મહેનત પછી અમે ૧૯ માર્ચે આ ફિલ્મ રિલીઝ કરવા ઉત્સુક હતા. પરંતુ હાલની અનિશ્ચિત પરિસ્થિતિ, ખાસ કરીને મધ્ય પૂર્વમાં, અમારા સૌથી વિશાળ દર્શકવર્ગ સુધી પહોંચવાની યોજનાને અસર કરી રહી છે. તેથી અમારા ભાગીદારો અને દર્શકોના હિતમાં અમે રિલીઝ ડેટ બદલવાનો મુશ્કેલ પરંતુ વિચારપૂર્વકનો નિર્ણય લીધો છે. અમે તમારી સમજણ અને સહનશીલતા બદલ આભાર માનીએ છીએ અને આગળ પણ તમારો પ્રેમ અને સહકાર મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ.’’સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ટોક્સિક પાસે છઈ-ૠઋ વિસ્તારમાંથી ૪૦-૫૦ કરોડ અથવા તેથી વધુ કમાણી કરવાની સંભાવના છે. એક્ઝિબિટર્સ ધુરંધર અને ટોક્સિક વચ્ચેના ક્લેશને લઈને ચિંતિત હતા. પરંતુ હવે તેઓ રાહતનો શ્વાસ લઈ શકે છે.પરંતુ હવે યશની ટક્કર વરુણ ધવન સાથે થશે, વરુણની ‘હૈ જવાની તો ઇશ્ક હોના હૈ’ ફિલ્મ ૫ જૂને રિલીઝ થવાની છે, એટલે ટોક્સિક અને હૈ જવાની તો..એક જ ઓપનિંગ વીકએન્ડ શેર કરશે, જેના કારણે ટ્રેડ સર્કલમાં ચર્ચા શરૂ થઈ છે કે બોક્સ ઓફિસ પર યશ અને વરુણ ધવન વચ્ચે ટક્કર જોવા મળી શકે છે.

‘‘હૈ જવાની તો ઇશ્ક હોના હૈ’’ યુવાનો અને ફેમિલી ઓડિયન્સને ધ્યાનમાં રાખીને બનાવેલી રોમેન્ટિક ફિલ્મ છે. જોકે, એવા અહેવાલ છે કે ટોક્સિકના નિર્માતાઓએ વરુણ ધવનની ફિલ્મની ટીમને ક્લેશ અંગે જાણ કરી હતી.

એક સુત્રના જણાવ્યા મુજબ, ‘‘જો કોઈ ફિલ્મ પહેલેથી જ રિલીઝ તારીખ નક્કી કરી દે અને બીજી ફિલ્મ એ જ દિવસે આવવાની યોજના બનાવે, તો સામાન્ય રીતે પહેલેથી તારીખ બૂક કરનાર ટીમને જાણ કરવામાં આવે છે. આ કેસમાં એવું થયું નહોતું.યશે સોશિયલ મીડિયા પર ફિલ્મની રિલીઝ ડેટ બદલવાના નિર્ણય અંગે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી, ત્યારે છેક વરુણ ધવન, ડિરેક્ટર ડેવિડ ધવન અને પ્રોડ્યુસર રમેશ તોરાનીને આ અંગે ખબર પડી.’’

જોકે, ટોક્સિકના નિર્માતાઓનો દાવો છે કે બધું પારદર્શક રીતે થયું હતું. કેવીએન પ્રોડક્શન્સના પ્રવક્તાએ જણાવ્યું કે કંપનીના માલિક વેંકટે તારીખોનાં ક્લેશ અંગે જાણ્યા પછી વરુણની ફિલ્મના પ્રોડ્યુસર રમેશ તૌરાણીનો સંપર્ક કર્યો હતો. આ ચર્ચા તેમની વચ્ચે ચર્ચામાં અનિલ થડાનીએ મદદ કરી હતી.

# સની દેઓલની એક પછી એક પાંચ ફિલ્મનો ખજાનો ખુલશે



બોર્ડર ૨ પછી હવે સની દેઓલની ૨૦૨૬માં એક પછી એક પાંચ ફિલ્મો આવી રહી છે, જેમાં લાહોર ૧૯૪૭ અને રામાયણનો પણ સમાવેશ થાય છે. આ વર્ષે સની દેઓલ સાથે સલમાન ખાન અને આમિર ખાનની પણ ફિલ્મો આવી રહી છે, છતાં નિષ્ણાતો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે, દર્શકો એક જ એક્ટરને આટલી વાર જોઈને કંટાળી જશે. ફેબ્રુઆરી દરમિયાન બોર્ડર ૨ના દેશમાં બોક્સ ઓફિસ પરના પ્રભાવશાળી પ્રદર્શન પછી, સની દેઓલ એક અનોખા સમયગાળાની તૈયારી કરી રહ્યો છે. આ અનુભવી અભિનેતાની આ વર્ષે પાંચ અલગ -અલગ ફિલ્મો રિલીઝ થવાની છે, જેમાંથી ચાર ફિલ્મો ઉનાળા પછી રિલીઝ થશે.

૨૩ જાન્યુઆરીએ રિલીઝ થયેલી બોર્ડર ૨ પહેલેથી જ ૩૦૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. ગદર ૨થી શરૂ થયેલી તેની સેકન્ડ ઈનિંગ્સમાં, ટ્રેડ વિશ્લેષકો માને છે કે સની દેઓલ આ તકનો યોગ્ય ઉપયોગ કરી રહ્યો છે. તેની પાસે મોટા પાયાની પૌરાણિક મહાકાવ્ય આધારીત રામાયણથી લઈને ઊંડા વ્યક્તિગત રોલ સુધી વિવિધ પ્રકારના પ્રોજેક્ટ્સ છે.

શશાંક ઉદાપુરકરની ગબરુ આગામી રિલીઝમાં પ્રથમ છે. ૮ મેના રોજ થિયેટરમાં રિલીઝ થનારી આ ફિલ્મ દેઓલની સામાન્ય હાઇ-ઓક્ટેન એક્શન ભૂમિકાથી અલગ છે. આ અંગે એક ટ્રેડ સુત્રના જણાવ્યા અનુસાર, ‘‘સની દેઓલ માટે પાંચ જાહેર થયેલી રિલીઝ સાથે આ સોનેરી વર્ષ છે. દરેક ફિલ્મ અલગ પ્રકારની છે, પરંતુ શું દર્શકો એક જ સમયે તેની એટલી બધી ફિલ્મો સ્વીકારી શકશે? કેટલીક ફિલ્મોની તારીખોમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે. ગબરુને શરૂઆતમાં સીધી ઓટીટી પર રિલીઝ કરવાની યોજના હતી, પરંતુ હવે ૮ મેના રોજ થિયેટરમાં આવશે. શશાંક ઉદાપુરકર દ્વારા ડિરેક્ટ થયેલી આ ફિલ્મમાં સલમાન ખાનનો કેમિયો પણ છે. સની મધ્યમ વર્ગીય પરિવારના પુરુષની ભૂમિકા ભજવે છે, જે માનવ સેવા દ્વારા પોતાના જીવનનો બાકીનો સમય અર્થપૂર્ણ બનાવવાની ઇચ્છા રાખે છે.’’

તેના પછી સનીની ઓટીટી ડેબ્યુ ફિલ્મ ઈક્કા આવશે. જુનમાં નેટફ્લિક્સ પર પ્રીમિયર થનારી આ હાઇ-સ્ટેક્સ કોર્ટરૂમ થ્રિલરમાં તે બોર્ડરના સહ-અભિનેતા અક્ષય ખન્ના સાથે ફરી જોવા મળશે. સાથે જ મલયાલમ થ્રિલર જોસેફ પરથી આધારિત ‘સૂર્યા’ લાંબા સમય પછી હવે પ્રોડક્શનમાં આગળ વધી રહી છે.

ફિલ્મના પ્રોડ્યુસર દીપક મુકુટના જણાવ્યા અનુસાર, ‘‘ફિલ્મ પૂર્ણ થઈ ગઈ છે. હવે તે પોસ્ટ-પ્રોડક્શન તબક્કામાં છે. તે પૂર્ણ થયા પછી અમે રિલીઝ તારીખ નક્કી કરીશું. અમે જુન અથવા જુલાઈમાં સારો સમય જોઈ રહ્યા છીએ.’’

૧૩ ઓગસ્ટે, સ્વતંત્રતા દિવસના વીકએન્ડ પહેલાં, લાહોર ૧૯૪૭ થિયેટરમાં આવશે. જાણીતા નાટક જિસ લાહોર નઈ દેખ્યા પરથી આધારિત આ પિરિયડ ડ્રામા આમિર ખાન દ્વારા પ્રોડ્યુસ અને રાજકુમાર સંતોષી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. નવેમ્બરમાં નિતેશ તિવારીની રામાયણ રિલીઝ થશે, જે વર્ષનો અંત કરશે. આ પૌરાણિક મહાકાવ્યમાં સની ભગવાન હનુમાનની ભૂમિકામાં, રનબીર કપૂર અને સાઈ પલ્લવી સાથે જોવા મળશે.

ઈક્કામાં વકીલથી લઈને રામાયણમાં હનુમાનનાં પાત્ર સુધી, તેની ભૂમિકાઓ દર્શકોને રસપ્રદ લાગી શકે છે, છતાં ઇન્ડસ્ટ્રીમાં તેની મોટા પડદે સતત હાજરીને કારણે ‘‘ઓડિયન્સ ફેટીગ’’ અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે સની દેઓલની ૨૦૨૬ની સ્ટ્રેટેજી મોટા પ્રમાણમાં કોલબરેશન પર આધારિત છે. ગબરુમાં સલમાન ખાનનો વિસ્તૃત કેમિયો છે, જ્યારે લાહોર ૧૯૪૭માં તેને આમિર ખાન પ્રોડક્શન્સનું સમર્થન મળ્યું છે, જેના કારણે બંને પ્રોજેક્ટ્સને વધુ લોકો સુધી પહોંચે એવું માર્કેટિંગ મળશે તેની ખાતરી છે, સાથએ જ રામાયણ અંગે પણ અત્યારથી જ ઉત્સુકતાનો માહોલ છે.

**૧૩ ઓગસ્ટે, સ્વતંત્રતા દિવસના વીકએન્ડ પહેલાં, લાહોર ૧૯૪૭ થિયેટરમાં આવશે. જાણીતા નાટક જિસ લાહોર નઈ દેખ્યા પરથી આધારિત આ પિરિયડ ડ્રામા આમિર ખાન દ્વારા પ્રોડ્યુસ અને રાજકુમાર સંતોષી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. નવેમ્બરમાં નિતેશ તિવારીની**

# ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ઓસ્કર ૨૦૨૬નાં પ્રેઝેન્ટરની યાદીમાં સામેલ



## પ્રિયંકા સાથે યાદીમાં રોબર્ટ ડાઉની જુનિયર, એન હેથવે, વિલ આર્નેટ, પોલ મેસ્કલ અને ગ્વિનેથ પેલ્ટ્રો પણ સામેલ

પ્રિયંકા ચોપરા ખરા અર્થમાં ગ્લોબલ સ્ટાર બની ગઈ છે, આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રખ્યાત ઈવેન્ટ અને મંચ પર તેની હાજરી સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ હોય છે. હવે તેણે પોતાનાં ઈન્સ્ટાગ્રામ પર અપડેટ શેર કરી છે, એક તરફ એકેડેમી એવોર્ડ્સના ૧૫ માર્ચે તેના લાઇવ પ્રસારણ માટે તૈયારી શરૂ થઈ ગઈ છે.

બીજી તરફ હવે પ્રિયંકાએ પોતાના ચાહકો સાથે ઈન્સ્ટાગ્રામ પર એક નવી અપડેટ શેર કરી, જેમાં તેણે સત્તાવાર પ્રેઝેન્ટર્સની યાદીનો એક સ્નેપશોટ પોસ્ટ કર્યો હતો. તેમાં ઓસ્કાર એવોર્ડ્ઝના પ્રઝન્ટર્સની યાદીમાં તેનું નામ અનેક જાણીતા હોલીવૂડ વ્યક્તિત્વો સાથે જોવા મળે છે. પ્રિયંકા સાથે યાદીમાં રોબર્ટ ડાઉની જુનિયર, એન હેથવે, વિલ આર્નેટ, પોલ મેસ્કલ અને ગ્વિનેથ પેલ્ટ્રો પણ સામેલ છે.

આ યાદીમાં તેનાં સમાવેશને આંતરરાષ્ટ્રીય મનોરંજન અને એવોર્ડ સર્કિટમાં તેની સતત હાજરી માટે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે.

આ પ્રતિષ્ઠિત એવોર્ડ સેરેમની ૧૫ માર્ચ, રવિવારે છમ્ઝ નેટવર્ક અને ઉૅજ્ઞે પર લાઇવ સ્ટ્રીમ થશે. વૈશ્વિક સિનેમાની સૌથી મોટા સમારોહમાંથી એક ગણાતા ઓસ્કર્સમાં સામાન્ય રીતે વિશ્વભરના જાણીતા અભિનેતાઓ અને ફિલ્મમેકર્સ વિવિધ કેટેગરીમાં એવોર્ડ રજુ કરતા જોવા મળે છે.

સમારોહમાં પ્રેઝેન્ટર તરીકે પ્રિયંકાની હાજરી તેનાં વધતા ગ્લોબલ પ્રોફાઈલને વધુ મજબૂત બનાવે છે. આ વર્ષો દરમિયાન તેણે હોલિવૂડ પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રી ઈવેન્ટ્સમાં સતત હાજરી જાળવી રાખી છે અને મોટા વૈશ્વિક મંચો પર ભારતીય પ્રતિભાનું પ્રતિનિધિત્વ કર્યું છે.

થોડાં વખત પહેલાં જ તેની ફેન્ટસી ડ્રામા સિરીઝ ધ બ્લફ પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ છે, જેમાં તેણે કાર્લ અર્બન સાથે અભિનય કર્યો છે. તેની સાહસિક કથાવસ્તુ તથા ભવ્યતા માટે ચર્ચામાં છે.

પ્રિયંકા હાલ પોતાની આવનારી ભારતીય ફિલ્મ વારણસી શૂટિંગ પૂર્ણ કરવામાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે અને તેનું ડિરેક્શન એસ. એસ. રાજામૌલી કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યા બાદ આ ફિલ્મ સાથે પ્રિયંકા લગભગ સાત વર્ષ પછી ભારતીય સિનેમામાં વાપસી કરી રહી છે.

આ ફિલ્મ સિવાય પ્રિયંકા પાસે સ્પાય થ્રિલર સીરિઝ સિટાડેલની બીજી સીઝન પણ પાઈપલાઈનમાં છે. અભિનય સિવાય તે પોતાનાં પ્રોડક્શન અને અન્ય ગ્લોબલ કોલબરેશન્સમાં પણ સક્રિય છે.

ઓસ્કર સમારોહને હવે થોડા જ દિવસોની વાર છે, ત્યારે પ્રિયંકા ચોપરા જોનાસનું પ્રેઝેન્ટર તરીકેનું સ્થાન આ પ્રતિષ્ઠિત સમારોહમાં ભારતીય હાજરીને વધુ મજબૂત બનાવે છે અને ભારત તેમજ વિશ્વભરના ચાહકોનું ધ્યાન આકર્ષે છે.

# ભારતે ઇતિહાસ રચ્યો : ટીર૦ વર્લ્ડ કપમાં ત્રીજી વખત ચેમ્પિયન

## ટીર૦ ક્રિકેટમાં ભારતનું એકચક્રી શાસનઃ સળંગ બે ટીર૦ વર્લ્ડ કપ અને ઘરઆંગણે ચેમ્પિયન બનનારો ભારત સૌપ્રથમ દેશ બન્યોઃ સતત બે વખત ટીર૦ વર્લ્ડ કપ જીત્યો

સૂર્યકુમાર યાદવની ટીમે ઈતિહાસ રચવા માટે જાણીતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રવિવારે એકથી વધુ ઈતિહાસ રચ્યા હતા અને અંતે ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો હતો. ન્યૂઝીલેન્ડ સામેની ફાઇનલ મેચમાં ૯૬ રનના શાનદાર વિજય સાથે ભારતે સળંગ બે ટીર૦ વર્લ્ડ કપ જીતનારી પ્રથમ ટીમ બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી તો આ સાથે ભારત એવો પ્રથમ દેશ બન્યો હતો જેણે પોતાના ઘરઆંગણે એટલે કે યજમાનીમાં ટીર૦ વર્લ્ડ કપ જીત્યો હોય. ભારતે આ અગાઉ રોહિત શર્માની આગેવાનીમાં ૨૦૨૪માં પણ ટીર૦ વર્લ્ડ ટાઇટલ જીત્યું હતું.

અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઇનલમાં ભારતે બેટિંગ અને બોલિંગમાં વર્ચસ્વ જમાવતી રમત દાખવી હતી. સંજુ સેમસન, અભિષેક શર્મા અને ઈશાન કિશનની અડધી સદી બાદ બોલિંગમાં જસપ્રિત બુમરાહની ચાર અને અક્ષર પટેલની ત્રણ વિકેટે મેચને એકતરફી બનાવી દીધી હતી. ભારતના ૨૫૫ રનના તોતિંગ સ્કોર બાદ રમતના કોઈ પણ તબક્કે ન્યૂઝીલેન્ડ જીતવાની તક મળી ન હતી. ન્યૂઝીલેન્ડ ૧૯ ઓવરમાં ૧૫૯ રન કરી શક્યું હતું.

ભારતનો ૨૫૫ રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસનો ત્રીજો સર્વોચ્ચ અને ફાઇનલનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો. અગાઉ ભારતે વેગીલી શરૂઆત કરી હતી. ન્યૂઝીલેન્ડે પહેલી ચાર ઓવરમાં ચાર બોલર બદલ્યા હતા પરંતુ અભિષેક શર્મા કે સંજુ સેમસન પર તેની જરાય અસર પડી ન હતી. ભારતે તેની ચાર ઓવરમાં જ ૫૧ રન કરી નાખ્યા હતા. આ દરમિયાન કિવિ બોલર્સે વાઇડ બોલની વણઝાર રચી દીધી હતી. પહેલી પાંચ ઓવરમાં જ આઠ વાઇડ જોવા મળ્યા હતા. ભારતે પાંચ ઓવરમાં પાંચ સિક્સર ફટકારી દીધી હતી અને તે સમયે ટીમનો સ્કોર ૭૨ રન હતો. જેની સરખામણીએ કિવિ ટીમે ૭૨ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી જે બંને ટીમ વચ્ચેનો મોટો તફાવત બની રહ્યો હતો.



અભિષેક શર્માએ તેનું ફોર્મ પરત મેળવીને શાનદાર અડધી સદી ફટકારી હતી. તેણે માત્ર ૧૮ બોલમાં તેની અડધી સદી પૂરી કરી હતી.જોકે ત્યાર બાદ રચિન રવીન્દ્ર બોલિંગમાં આવતા તેના પહેલા જ બોલે અભિષેક બાવન રનના અંગત સ્કોરે આઉટ થઈ ગયો હતો. જોકે ભારતે પાવર પ્લેમાં ૯૨ રન ફટકારીને ટીર૦ વર્લ્ડ કપમાં પાવર પ્લેમાં સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ સરભર કરી દીધો હતો. સંજુ સેમસને ૩૩ બોલમાં તેની અડધી સદી પૂરી કરી હતી. વર્તમાન વર્લ્ડ કપમાં આ તેની સળંગ ત્રીજી અડધી સદી હતી. ભારતે આઠમી ઓવરમાં ૧૦૦ રનનો આંક અને ૧૨મી ઓવરમાં ૧૫૦નો આંક વટાવી દીધો હતો.

૨૫૬ રનના કપરા ટારગેટ સામે ન્યૂઝીલેન્ડે પહેલી બે ઓવરમાં તો સારી રમત દાખવી હતી અને હાર્દિકની પહેલી જ ઓવરમાં ૨૧ રન પણ ફટકાર્યા હતા પરંતુ સૂર્યકુમાર યાદવે બોલિંગમાં પરિવર્તન કરવાની સાથે બે ગુજરાતી બોલર અક્ષર પટેલ અને જસપ્રિત બુમરાહે ટીમને બે સફળતા અપાવી દીધી હતી. અક્ષર પટેલે બે ઓવરમાં બે વિકેટ લીધી હતી.

જોકે ટિમ સેફર્ટ એક છેડે આક્રમક બેટિંગ કરી રહ્યો હતો. તેણે ૨૩ બોલમાં પાંચ સિક્સર સાથે તેની અડધી સદી પૂરી કરી હતી. જોકે બાવન રનના અંગત સ્કોરે તે વરુણ ચક્રવર્તીના બોલે બાઉન્ડ્રી પર ઈશાન કિશનના હાથમાં ઝડપાઈ ગયો હતો. તેણે ૨૬ બોલ રમીને પાંચ સિક્સર અને બે ચોગ્ગા ફટકાર્યા હતા.

### રાષ્ટ્રપતિ મુર્મુ, પીએમ મોદી અને રાહુલ ગાંધીએ વિશ્વવિજેતા ટીમને અભિનંદન આપ્યા

T20 વર્લ્ડ કપમાં ભવ્ય વિજય બદલ ભારતીય ક્રિકેટ ટીમ પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ વિશ્વ વિજેતા ટીમની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યુ હતું કે, ત્રીજી વખત T20 વર્લ્ડ કપ જીતનાર અને સતત બીજી વખત આ સિદ્ધિ મેળવનાર એક માત્ર દેશ ભારત છે અને દરેક ખેલાડી મેનેજમેન્ટ અને સપોર્ટ સ્ટાફ પ્રશંસાને પાત્ર છે. વડાપ્રધાન મોદીએ આ વિજયથી દરેક ભારતીયનું હૈયું ખુશી અને ગૌરવથી છલકાઈ રહ્યું છે. રાહુલ ગાંધીએ એક્સ પોસ્ટમાં સંજુ સેમસેન અને જસપ્રીત બુમરાહના નોંધપાત્ર પ્રદર્શનનો ઉલ્લેખ કરી સમગ્ર ટીમને બિરદાવી હતી. ખડગેએ કહ્યું હતુ કે, આ વિજયના કારણે ૧૪૦ ભારતીયો માટે ગૌરવની ક્ષણ આવી છે.

## T20 ટાઇટલ પછી હવે ઓલિમ્પિક ગોલ્ડ : કેપ્ટન સૂર્યાએ જણાવ્યું ટીમ ઇન્ડિયાનું આગામી મિશન

**T20 વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતીય કેપ્ટન સૂર્યાકુમાર યાદવે કહ્યું કે હવે તેમનું આગામી લક્ષ્ય ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતવાનું છે.**



ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ જીત્યા બાદ ભારતીય ટીમના કેપ્ટન સૂર્યાકુમાર યાદવે પોતાના આગામી મુખ્ય લક્ષ્ય વિશે સ્પષ્ટતા કરી છે. ફાઇનલમાં ન્યુઝીલેન્ડ સામે પ્રભાવશાળી વિજય બાદ તેમણે કહ્યું કે હવે તેમનું લક્ષ્ય ૨૦૨૮ સમર ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતવાનું છે.

અમદાવાદમાં રમાયેલી ફાઇનલમાં ભારતે ન્યુઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો છે. પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ૨૫૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો અને પછી, શાનદાર બોલિંગ પ્રદર્શન કરીને ન્યુઝીલેન્ડને ૧૫૯ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં, કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે તેમનું આગામી લક્ષ્ય ઓલિમ્પિકમાં દેશ માટે સુવર્ણ ચંદ્રક જીતવાનું છે. તેમણે એ પણ નોંધ્યું કે T20 વર્લ્ડ કપની આગામી આવૃત્તિ પણ તે વર્ષે રમાશે, તેથી ટીમ બંને મોટી સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ભારતનો વિજય ઘણી રીતે ઐતિહાસિક છે. ભારતીય ટીમ T20 વર્લ્ડ કપનો સફળતાપૂર્વક બચાવ કરનારી પ્રથમ ટીમ બની છે. યજમાન તરીકે ટ્રોફી જીતનાર તે પ્રથમ દેશ પણ બન્યો છે. આ ભારતનો ત્રીજો T20 વર્લ્ડ કપ ખિતાબ છે, જે તેમને ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી સફળ ટીમ બનાવે છે. આ પહેલા, ભારતે ૨૦૦૭ અને ૨૦૨૪માં આ ખિતાબ જીત્યો હતો.

## ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલ ૮૨.૧ કરોડ લોકોએ જોયોઃડિજિટલ સ્ટ્રીમિંગનો નવો રેકોર્ડ બન્યો

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલ મેચને જિયોહોટસ્ટાર પર ૮૨.૧૦ કરોડ લોકોએ જોઈ. આ ટી-૨૦ વર્લ્ડ કપમાં અત્યાર સુધીની સૌથી વધુ વ્યૂઅરશિપ છે.

આ પહેલા કોઈ પણ ઝઝ ટુર્નામેન્ટની ફાઇનલમાં સૌથી વધુ ૫.૯ કરોડની વ્યૂઅરશિપ નોંધાઈ હતી, જે ૧૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી વનડે વર્લ્ડ કપ ફાઇનલ દરમિયાન રેકોર્ડ કરવામાં આવી હતી. જ્યારે, ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલમાં ડિઝની પ્લસ હોટસ્ટાર પર ૫.૩ કરોડની વ્યૂઅરશિપ રહી હતી.

ફાઇનલ મુકાબલાની શરૂઆત પહેલા આયોજિત કાર્યક્રમ દરમિયાન સિંગર રિકી માર્ટિનના પ્રદર્શનને ૨.૧ કરોડ દર્શકો જોઈ રહ્યા હતા. ટોસ સમયે આ સંખ્યા વધીને ૪.૨ કરોડ થઈ ગઈ, જ્યારે ભારતની ઈનિંગ્સની પ્રથમ બોલ ફેંકવામાં આવે તે પહેલા વ્યૂઅરશિપ ૬.૫ કરોડ સુધી પહોંચી ગઈ.

ભારતની ઈનિંગ્સ સમાપ્ત થઈ ત્યાં સુધીમાં દર્શકોની સંખ્યા વધીને ૪૩.૯ કરોડ થઈ ગઈ. ઈનિંગ્સ બ્રેક દરમિયાન ૪૪.૩ કરોડ દર્શકો પ્લેટફોર્મ સાથે જોડાયેલા રહ્યા. ન્યુઝીલેન્ડની ઈનિંગ્સની પ્રથમ ઓવરમાં આ આંકડો વધીને ૫૦.૩ કરોડ થઈ ગયો.

ન્યુઝીલેન્ડની છેલ્લી વિકેટ ૧૯મી ઓવરમાં પડી ત્યારે પ્લેટફોર્મ પર ૭૪.૫ કરોડ લોકો એકસાથે મેચ જોઈ રહ્યા હતા. મેચ પછી પોસ્ટ-મેચ પ્રેઝન્ટેશનના અંત સુધીમાં આ સંખ્યા વધીને ૮૨.૧ કરોડ સુધી પહોંચી ગઈ.રવિવારે રમાયેલી ફાઇનલમાં ભારતે ન્યુઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ત્રીજી વખત (૨૦૦૭, ૨૦૨૪, ૨૦૨૬) ટી-૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો. આ સાથે ભારત પોતાના ઘરમાં આ ટ્રોફી જીતનારો પ્રથમ દેશ પણ બન્યો.ભારતે અમદાવાદમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ૫ વિકેટે ૨૫૫ રન બનાવ્યા. જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ ૧૫૯ રન પર ઓલઆઉટ થઈ ગઈ. ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ સામે વર્લ્ડ કપ ફાઇનલમાં હાઈએસ્ટ સ્કોરનો રેકોર્ડ બનાવ્યો. ત્યારબાદ ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલની સૌથી મોટી જીત નોંધાવી.

## ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં ભારતનો દસ વિકેટે કારમો પરાજય

### એલિસા હિલીની અંતિમ ટેસ્ટમાં ભારત વિમેન્સના ૧૪૯ રન, ઓસી.ને વિના વિકેટે ટારગેટ વટાવ્યો

ઓસ્ટ્રેલિયાએ છેલ્લા ત્રણ દિવસના પોતાના દબદબાને રવિવારે અહીં રમાયેલી એકમાત્ર મહિલા ડે-નાઇટ ક્રિકેટ ટેસ્ટમાં જાળવી રાખીને ભારત સામે દસ વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ અગાઉ ભારતને તેની બીજી ઈનિંગ્સમાં ૧૪૯ રનમાં ઓલઆઉટ કરીને જીતનો પાયો નાખ્યો હતો અને ત્યારબાદ ૨૫ રનના નજીવા ટારગેટને કોઈ પણ મુશ્કેલી વિના પાર પાડ્યો હતો. આ સાથે ઓસ્ટ્રેલિયાની મહાન ક્રિકેટર એલિસા હિલીએ સફળતા સાથે ક્રિકેટમાંથી વિદાય લીધી હતી. તેણે આ મેચ શરૂ થતાં અગાઉથી જ નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી.

અહીંના વાકા ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ટેસ્ટમાં ભારતીય વિમેન્સ ટીમ તેના પ્રથમ દાવમાં ૧૯૮ રન કરી શકી હતી જેના જવાબમાં સધરલેન્ડની સદીની મદદથી ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમે ૩૨૩ રનનો સ્કોર રજૂ કરીને ૧૨૫ રનની સરસાઈ હાંસલ કરી હતી. ૧૨૫ રનના દેવા બાદ ભારત વિમેન્સ ટીમે ત્રીજા દિવસની સવારની રમત સુધીમાં ૧૪૯ રન કર્યા હતા. અગાઉ બીજા દિવસની રમતને અંતે ભારતે ૧૦૫ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. આમ રવિવારે તેણે વધુ ૪૩ રનમાં બાકીની ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

કેપ્ટન એલિસા હીલી માટે પણ આ એક યોગ્ય વિદાય હતી, જેમણે પોતાની ‘બેગી ગ્રીન’ (ઓસ્ટ્રેલિયન ટેસ્ટ કેપ) કારકિર્દીનો અંત એક એવા હરીફ સામે



શાનદાર જીત સાથે કર્યો જેની સામે તેમનું પ્રદર્શન હંમેશા શ્રેષ્ઠ રહ્યું છે.

ભારતે ત્રીજા દિવસની શરૂઆત છ વિકેટે ૧૦૫ રનથી કરી ત્યારે જ હાર નિશ્ચિત જણાઈ રહી હતી. શનિવારની અણનમ બેટર્સ પ્રતિકા રાવલ (૬૩) અને સ્નેહ રાણા (૩૦) ભારતને ૧૩૨ રન સુધી લઈ ગયા હતા. રાવલે પોતાની અડધી સદી દરમિયાન ઉત્તમ સંયમ દર્શાવ્યો હતો, પરંતુ ભારતને બચાવવાનું કામ તેમના માટે ઘણું મુશ્કેલ હતું.

જ્યારે એશ ગાર્ડનરે સ્નેહ રાણાને એક ઝડપી બોલ બોલ્ડ કરી ત્યારે ભારતની બાકીની ઈનિંગ્સ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ . ગાર્ડનર અને પ્લેયર ઓફ ધ મેચ એનાબેલ સધરલેન્ડની જોડીએ ભારતની ઈનિંગ્સનો અંત આણ્યો હતો. રાવલનો પુલ શોટ સધરલેન્ડના હાથમાં ગયો, જેણે સર્કલની કિનારે શાનદાર કેચ ઝડપ્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપનર જ્યોર્જિયા વોલ અને ફોબે લિચફિલ્ડ માટે ૨૫ રનનું લક્ષ્ય કોઈ પડકાર નહોતું, અને આ જોડીએ માત્ર ૪.૩ ઓવરમાં જીત મેળવી લીધી હતી.

મચ બાદ ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌરે જણાવ્યું હતું કે “અમે ટીર૦ શ્રેણીમાં જીત સાથે સારી શરૂઆત કરી હતી, પરંતુ વન-ડે અને ટેસ્ટમાં તે લય જાળવી શક્યા નહીં. જોકે, ઓસ્ટ્રેલિયામાં સંપૂર્ણ શ્રેણી રમવી એ સારો અનુભવ હતો. પિંક બોલ ટેસ્ટ એક અલગ પ્રકારનો પડકાર હતો.”

## T20 વર્લ્ડ કપમાં આ ગુજરાતીઓએ ડંકો વગાડ્યો

### બુમરાહ-અક્ષર-હાર્દિક સાથે બેટિંગ કોચ સિતાંશુ પણ ભારતના હીરો રહ્યા, જાણો તેઓએ કઈ રીતે ભારતને ચેમ્પિયન બનાવ્યું

ઈન્ડિયા.. ઈન્ડિયા... ઈન્ડિયા... ભારતે અમદાવાદમાં રમાયેલી ૨૦ વર્લ્ડ કપ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને સતત બીજીવાર ટાઇટલ જીત્યું. ટીમ ઈન્ડિયાએ ઓવરઓલ ત્રીજી વખત ચેમ્પિયન બનીને અનેક રેકોર્ડ બનાવ્યા. ભારતીય ટીમની આ જબરદસ્ત જીતમાં ઘણા હીરોઝ રહ્યા. સંજુ સેમસન પ્લેયર ઑફ ધ મેચ બન્યો. તો વરુણ ચક્રવર્તી ભારત માટે ટૉપ વિકેટ રહ્યો. શિવમ દુબેએ પણ સતત સારું પ્રદર્શન કર્યું. આ બધા વચ્ચે હેડ કોચ ગૌતમ ગંભીરના પણ વખાણ કરી રહ્યા છે.

આ ઈન્ડિયન ક્રિકેટ ટીમને ચેમ્પિયન બનાવનાર ગુજ્જુઓની ચોકડી છે. જી હા, આપણે વાત કરી રહ્યા છીએ જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા અને બેટિંગ કોચ સિતાંશુ કોટકની.

જરા કલ્પના કરો કે જે મેચમાં એક ટીમે ૨૫૫ રન બનાવ્યા હોય, એ મેચમાં એક બોલર માત્ર ૩.૮ની ઈકોનોમીથી બોલિંગ કરે તો. પણ આવું કરી બતાવ્યું છે ટીમ ઈન્ડિયાના કરોડરજ્જુ સમાન જસપ્રીત બુમરાહે. તેણે ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે માત્ર ૧૫ રન આપીને ૪ વિકેટ ઝડપીને મેચને પલટી નાખી.

સેમિફાઈનલમાં પણ ૨૫૪ રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી ઈંગ્લેન્ડે ૧૫ ઓવરમાં ૫ વિકેટે ૧૮૫ રન બનાવી લીધા હતા. તે સમયે સેમ કરન ૫ અને જેકબ બેથેલ ૮૧ રન પર બેટિંગ કરી રહ્યા હતા. મેચ ઈંગ્લેન્ડના પક્ષમાં જતી દેખાઈ રહી હતી, ત્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે જસપ્રીત બુમરાહને બોલ



આપ્યો.

બુમરાહે આ ઓવરમાં માત્ર ૮ રન આપ્યા, જેનાથી ઈંગ્લેન્ડ પર દબાણ આવ્યું. આ પછીની ઓવરમાં અર્શદીપ સિંહે ૧૬ રન ખર્ચ કરી દીધા. અહીંથી ઈંગ્લેન્ડને ૧૮ બોલમાં ૪૫ રન બનાવવાના હતા. બુમરાહે દબાણભરી પરિસ્થિતિઓમાં શાનદાર બોલિંગ કરતા માત્ર ૬ રન આપ્યા અને ભારતને મેચમાં પાછું લાવ્યું. આનો ફાયદો ૧૯મી ઓવરમાં હાર્દિક પંડ્યાને મળ્યો. પંડ્યાના બોલ પર સેમ કરન (૧૮ રન) તિલક વર્માને કેચ આપી બેઠો. આ પછી મેચ ભારતના હાથમાં આવી ગઈ.

૧૪ ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન સામે ૧૭૬ રનનો ટાર્ગેટ ડિફેન્ડ કરતી વખતે બુમરાહે સૈમ અયુબ (૬ રન) અને કેપ્ટન સલમાન અલી આગા (૪ રન)ને એક જ ઓવરમાં પેવેલિયન ભેગા કરી દીધા હતા. આ પછી પાકિસ્તાનની ટીમ ઉભરી શકી નહીં અને ૬૧ રનથી મેચ હારી ગઈ. આ જીત સાથે ભારતે સુપર-૮માં સ્થાન બનાવ્યું હતું. બુમરાહ અત્યાર સુધી ૭ મેચમાં ૧૦ વિકેટ લઈ ચૂક્યા છે.

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિકે આ આખી ટુર્નામેન્ટમાં જબરદસ્ત પરફોર્મન્સ આપ્યું છે. તેણે ૯ મેચમાં એક ફિફ્ટીની મદદથી ૨૧૭ રન બનાવ્યા. ૧૬૦.૭૪ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી. આટલું જ નહીં, પંડ્યાએ ૯ વિકેટ પણ ઝડપી.


ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં હાર્દિક પંડ્યાએ ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું. તેણે ૧૨ બોલમાં ૨૨૫ના સ્ટ્રાઈક રેટથી ૨૭ રન બનાવ્યા અને ટીમ ઈન્ડિયાનો સ્કોર ૨૫૦ને પાર પહોંચાડ્યો. બોલિંગ કરતી વખતે ફરીથી પહેલા જ બોલ પર ફિલ સોલ્ટની વિકેટ લીધી. તેણે ૧૯મી ઓવરમાં માત્ર ૯ રન આપ્યા અને ઈંગ્લેન્ડને બેકફૂટ પર ધકેલી દીધું.બેટિંગની વાત કરીએ તો ભારત માટે સુપર-૮ની ચેન્નઈમાં ઝિમ્બાબ્વે સામે મેચ હતી, તે કોઈપણ ભોગે જીતવી પડે તેમ જ હતી. ત્યારે એ મેચમાં હાર્દિકે ૨૧૭.૩ની સ્ટ્રાઈક રેટથી માત્ર ૨૩ બોલમાં ૫૦ રનની નોટઆઉટ ઈનિંગ રમી. જેમાં તેણે ૪ છગ્ગા અને ૨ ચોગ્ગા સામેલ હતા. આ મેચમાં તેને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

## મોદી સ્ટેડિયમમાં લખાયો સુવર્ણ ઈતિહાસ

**૨૦૨૩ની હારનો ગમ ભૂલાવી ટીમે ટ્રોફી ઉઠાવી, હિસ્ટ્રી રીપીટ, ડિફિટ પણ કરી; કિવિઝને ૯૬ રને હરાવ્યું, સૂર્યા ટ્રોફી લઈ હનુમાન મંદિરે પહોંચ્યો**









ભારતે T20 વર્લ્ડ કપ જીતી લીધો છે. ટીમ ઈન્ડિયાએ ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવ્યું. અમદાવાદમાં ટૉસ હારતા ભારતે પહેલી બેટિંગ કરતા ૫ વિકેટે ૨૫૫ રન બનાવ્યા હતા. જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ ૧૫૯ રન પર ઓલઆઉટ થઈ ગઈ.ભારતની જીતની સાથે ત્રણ મોટા રેકોર્ડ બન્યા છે. ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપ ફાઈનલમાં હાઈએસ્ટ સ્કોરનો રેકોર્ડ બનાવ્યો. ભારત માટે આ T20 વર્લ્ડ કપ ફાઈનલમાં સૌથી મોટી જીત છે, તો ન્યૂઝીલેન્ડ માટે સૌથી મોટી હાર છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૦૯ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# આવતીકાલે મહાનગર પાલિકાના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓની છેલ્લી સામાન્ય સભા

## શાસક અને વિપક્ષના કોર્પોરેટરોની પાંચ વર્ષની મુદ્દત પૂર્ણ થતા બોર્ડનું વિસર્જન

**સુરત, તા.૯**

સુરત મહાનગર પાલિકાની ચુંટાયેલી પાંખની પાંચ વર્ષની ટર્મ પુર્ણ થઇ રહી છે ત્યારે આવતીકાલ તા.૧૦ માર્ચના રોજ છેલ્લી સામાન્ય સભા યોજાશે. રાજ્ય સરકાર દ્વારા પાલિકાની ટર્મ પુર્ણ થઇ રહી હોય બે દિવસ પહેલા જ સુરત મહાનગર પાલિકાના વહીવટદાર તરીકે સુરતમાં પુર્વ કમિશનર રહી ચુકેલા મિલીન્દ તોરવણેને પાલિકાની જવાબદારી સોંપી છે. પાંચ વર્ષની કોર્પોરેટરોની ટર્મ પુર્ણ થઇ રહી હોય મનપાની જવાબદારી ૧૧ માર્ચથી મિલીન્દર તોરવણેના શાસન હેઠળ ચાલશે. છેલ્લી બોર્ડ મિટીંગમાં મનપાના વિપક્ષ લક્ષી વિવિધ કામોને મોટાપાયે મંજુરી મળવાની પણ શક્યતાઓ શાસક પક્ષ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

### તા.૧૧ માર્ચથી વહીવટદાર મિલિન્દ તોરવણેનું શાસન

આવતીકાલે મહાનગર પાલિકાના ચુંટાયેલા જનપ્રતિનિધિઓની છેલ્લી સામાન્ય સભા મળવાની હોય પડતર કામોને બોર્ડમાં મોટાપાયે મંજુરી મળવાની શક્યતાઓ વ્યક્ત કરાઇ છે. શાસક અને વિપક્ષના કોર્પોરેટરોની પાંચ વર્ષની મુદ્દત પુર્ણ થતા બોર્ડનું આવતીકાલ તા.૧૦ માર્ચના રોજ વિસર્જન થશે. તા.૧૧ માર્ચથી વહીવટદાર તરીકે મિલીન્દ તોરવણેનું શાસન રહેશે. તાજેતરમાં જ પાંચ વર્ષની ટર્મ પુર્ણ થવાની હોય રાજ્ય સરકાર દ્વારા સુરત સહિત રાજ્યની અલગ-અલગ મહાનગર પાલિકાના વહીવટદારોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં સુરત મહાનગર પાલિકાના વહીવટદાર તરીકે મિલીન્દ તોરવણેને જવાબદારી આપવામાં આવી છે.

# સ્વામીનારાયણ મંદિરમાં બે વિદ્યાર્થિનીના મોત અંગે તમામ દિશામાં પોલીસ તપાસ

**સુરત, તા.૯**

સણિયા કણદેના સ્વામીનારાયણ મંદીરના ત્રીજા માળે બાથરૂમમાંથી બે બહેનપણીઓના મૃતદેહ મળી આવવાની ચોંકાવનારી ઘટનામાં પોલીસ દ્વારા અલગ-અલગ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. હાલ તો આ બંને બહેનપણી કતારગામના જે મેડીકલ સ્ટોર્સ પરથી એનેસ્થેસિયા અને ઈન્જેકશન લાવી હતી તે અંગેની માહિતી એકત્ર કરવા પોલીસ તપાસમાં લાગી છે ત્યારે બીજી તરફ મૃતકના પરિવારજનો તેમજ મળી કુલ ૧૨ જણાના નિવેદનો પણ લેવામાં આવ્યા છે. બંને બહેનપણીઓએ આત્મહત્યા કેમ કરી લીધી તે અંગેનું કોઇ ચોક્કસ કારણ હજી સુધી સામે આવ્યું નથી.આખી ઘટનાનો ક્રમ જોવા જઇએ તો ડિંડોલી રામી પાર્ક સોસાયટીમાં રહેતી ૧૮ વર્ષિય રોશની શરદ શિરસાઠ અને ડિંડોલી શીવ વાટીકામાં રહેતી જ્યોત્સના અતુલ ચૌધરી ઉ.વ.૨૦ ગઇ તા.૬ માર્ચના રોજ સવારે મોપેડ પર ઘરેથી કોલેજ જવા નિકળી હતી અને ત્યારબાદ સણીયા કણદે રોડ આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરમાં સવારે

**અનુસંધાન પાના ૭ પર**

## સુરતની બે યુવતીના મોત અંગે ઈલોન મસ્ક ચિંતિત

સુરતના ડીંડોલીમાં ૬ માર્ચ, ૨૦૨૬એ બે કોલેજીયન ફ્રેન્ડના આપઘાતથી ઈલોન મસ્ક ટેન્શનમાં આવી ગયા છે. તેમણે ઠ પર પોસ્ટ કરી આ મામલે ચિંતા પણ વ્યક્ત કરી છે. ઘટનાની વાત કરીએ તો બંને નાનપણની બહેનપણીઓએ ChatGPT પર 'How to commit suicide' સર્ચ કરી એનેસ્થેસિયાના ઈન્જેક્શન મારી સુસાઈડ કરી લીધું હતું.આ મામલે અમેરિકામાં પોડકાસ્ટર અને સરકારી કાર્યક્ષમતા વિભાગના ભૂતપૂર્વ સલાહકાર કેટી મિલરે ઠ પર પોસ્ટ કરી હતી કે, ભારતમાં બે મહિલાઓએ ChatGPT સાથે વાતચીત કર્યા પછી આત્મહત્યા કરી. તેઓએ ChatGPT પર 'આત્મહત્યા કેવી રીતે કરવી', 'આત્મહત્યા કેવી રીતે કરી શકાય', અને 'કયા ડ્રગ્સનો ઉપયોગ

**અનુસંધાન પાના ૭ પર**

# યુવતી સાથે પ્રેમમાં શરીર સંબંધ બાંધી લગ્ન કરવાનો ઈનકાર

## દિકરાને ઉશ્કેરનાર માતા તથા યુવક વિરૂદ્ધ ગુનો દાખલ

**સુરત, તા. ૯**

વરાછા બોમ્બે માર્કેટ હાઉસીંગ બોર્ડમાં રહેતા ૨૨ વર્ષિય યુવાને એક યુવતી સાથે પ્રેમ સંબંધ રાખી તેને લગ્ન કરવાની લાલચ આપી પોતાના ઘરે રાખી અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યા હતા. સને ૨૦૨૨થી યુવતી સાથે સંબંધ રાખનાર યુવાને યુવતીએ લગ્ન કરવાનું કહેતા લગ્ન કર્યા ન હતા અને યુવકની માતાએ યુવતીને તારે આખી જીંદગી મારા દીકરાની રખાત જ રહેવું પડશે તેમ કહી લગ્ન નહીં કરવા દીકરાને ઉશ્કેરણી કરી હતી. આ મામલે ગઈકાલે ભોગબનનાર યુવતીએ વરાછા પોલીસ સ્ટેશનમાં માતા-પુત્ર સામે ગુનો નોંધાવાયો હતો.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વરાછા બોમ્બે માર્કેટ હાઉસીંગ બોર્ડમાં રહેતો ધ્રુવિન મેહુલ પરમાર ઉ.વ.૨૨ સને ૨૦૨૨માં એક યુવતી સાથે પ્રેમ સંબંધ બાદ યુવતીને તેના ઘરે રાખીને પતિ પત્ની તરીકે રહેવા લાગ્યો હતો. યુવતી સાથે લગ્ન નહીં કરી તેની સાથે શરીર સંબંધ બાંધવામાં આવ્યા હતા. લગ્ન કરવાનું કહેતા ધ્રુવિન પરમાર અને તેની માતા ભાવના મેહુલ પરમાર (રહે. રઘુવીર એપાર્ટમેન્ટ, બોમ્બે માર્કેટ, લંબે હનુમાન રોડ, વરાછા) સામે બળાત્કારની ફરીયાદ નોંધાવી હતી.

# ભાગીદારીના ધંધામાં ૬.૦૪ કરોડની છેતરપિંડી અંગે પોલીસ ફરિયાદ

## રણજીતકુમાર ભૂનેશ્વર સિંઘની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

હિમાલયા ઈન્ડસ્ટ્રીઝ અને ટોપનોચના નામે પ્રિન્ટિંગ બિઝનેસ કરતા અને સિંગણપોરની સ્નેહસાગર સોસાયટીમાં રહેતા ભરત નાથાભાઈ બુહાએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૮ દરમિયાન હિમાલયા ઈન્ડસ્ટ્રીઝમાં માર્કેટિંગનું કામ કરતા પ્રદિપ રઘુનાથ શેટ્ટી (રહે. મુંબઈ) અને રણજીત ભુનેશ્વરસિંઘ (રહે. સિલવાસા) એ નોકરી છોડયા બાદ અન્ય કર્મચારી જેમ્સ મેન્ડી સાથે મળી વલસાડના સરીગામ ખાતે ટોપનોચ નામની પેઢી શરૂ કરી હતી. વર્ષ ૨૦૨૧માં આ બંનેએ ભરતભાઈને વિશ્વાસમાં લીધા હતા કે માર્કેટમાં તેમની સારી શાખ છે અને જો તેઓ રોકાણ કરશે તો દર મહિને ૨ થી ૩ કરોડના ઓર્ડરો લાવી મોટો નફો કરી આપશે. આથી ૭૦ ટકા નફા-નુકસાનના ધોરણે ભાગીદારી કરાર કરવામાં આવ્યો હતો, જેમાં ભરતભાઈ અને તેમના ભાઈ અશોકના ૩૫-૩૫ ટકા તથા પ્રદિપ અને રણજીતના ૧૫-૧૫ ટકા હિસ્સો નક્કી કરાયો હતો.

જોકે, કરાર મુજબ આરોપીઓ ઓર્ડર લાવ્યા નહોતા અને જૂની શરતોનો ભંગ કર્યો હતો. સીએ (CA) મારફતે તપાસ કરાવતા જાણવા મળ્યું હતું કે પેઢીમાં પહેલાથી જ સિક્યોર-અનસિક્યોર લોન, ઈન્કમટેક્સ અને જીએસટીના નાણાં બાકી હતા. ભરતભાઈએ ભાગીદારી પેઢીમાં કુલ ૬.૦૪ કરોડ રોક્યા હતા, જેમાંથી આરોપીઓએ ૩.૮૫ કરોડ અગાઉની લોન ભરવામાં વાપરી નાખ્યા હતા. આ ઉપરાંત, પ્રદિપે = ૩૫.૮૧ લાખ પોતાના ખાતામાં અને રણજીતે ૩૯.૩૫ લાખ રૂપિયા કે પોતાની પત્ની પિન્કી તથા ભાઈ અમિતના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આરોપીઓએ પોતાના અંગત વીમાના પ્રીમિયમ પણ પેઢીમાંથી ચૂકવ્યા હતા.

જ્યારે ભરતભાઈએ હિસાબ માંગી પેઢીનું વિસર્જન કરવાની વાત કરી ત્યારે આરોપીઓએ ગેરવર્તન કર્યું હતું. આ મામલે ફરિયાદ નોંધાતા ઈકો સેલે તપાસ હાથ ધરી હતી અને ગઈકાલે આરોપી રણજીતકુમાર ભુનેશ્વર સિંગ (ઉ.વ. ૩૮, રહે. આઈ/૫૦૩, પ્રમુખ ગાર્ડન, કિલવાની રોડ, સીલવાસા) ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય આરોપી પ્રદિપ રઘુનાથ શેટ્ટી (રહે. મુંબઈ) ની પણ શોધખોળ શરૂ કરી છે..

# બેંકે સીલ કરેલી અમરોલી ખાતેની મિલ્કતમાં દંપતિનો ગેરકાયદે પ્રવેશ

## મિલ્કત પર તૈનાત સિક્યુરિટી ગાર્ડને દંપતિએ ધમકી આપી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

અમરોલી ખાતે બેંક દ્વારા સીલ કરાયેલ મિલકતમાં ગેરકાયદે પ્રવેશ કરનાર દાયમા દંપતિ વિરૂદ્ધ અમરોલી પોલીસ સ્ટેશનમાં એલ એન્ડ ટી ફાયનાન્સ કંપનીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

અમરોલી સૂર્યનગર સોસાયટી-૨માં આવેલા ઘર નં.૧૪ અને ૧૫ના માલિક તરીકે ગોવિંદ ચંદક દાયમા અને સપના ગોવિંદ દાયમાનુ નામ ચાલી આવે છે. દાયમા દંપતિએ વર્ષ ૨૦૨૩માં એલ.એન્ડ ટી ફાયનાન્સ લિ કંપની પાસેથી રૂ.૪૦.૯૪ લાખથી વધુની હોમ લોન લીધી હતી. જોકે, તેઓએ લોનની ભરપાઈ કરી ન હતી. જેથી ઘર નં.૧૪ અને ૧૫ વાળી મિલકતને એલ એન્ડ ટી ફાઈનાન્સ લીમીટેડ કંપનીના અધિકૃત અધિકારીઓ, કોર્ટ કમિશ્નર અને લીગલ ટીમ દ્વારા સીલ કરવામાં

**અનુસંધાન પાના ૭ પર**

# લેસપટ્ટીના વેપારીને ચેક રિટર્ન કેસમાં ૧ વર્ષની સજા

**સુરત, તા.૯**

કતારગામનાં સીંગણપોર ડભોલી વિસ્તારમાં સીલ્વર સ્ટોન કોમ્પલેક્ષ ખાતે ખોડીયાર ફેશનના નામે વેપાર કરતા ભગવાનભાઇ જાદવભાઇ કળથીયા કતારગામ આંબાતલાવડી પુજા પાર્ક સોસાયટીમાં રહેતા શૈલેષ મનસુખભાઇ ગોયાણીના સંપર્કમાં આવ્યા હતા. ભગવાન કળથીયા ઓનલાઇન ખરીદ વેચાણનું કામ કરે છે. જ્યારે શૈલેષ લેશ પટ્ટાનું કામ કરે છે. બંને વચ્ચે મિત્રતા થયા બાદ સને ૨૦૨૧ના ઓક્ટોબર મહિનામાં શૈલેષ ગોયાણીને ધંધાકીય જરૂરીયાત ઉભી થતા વેપારી ભગવાન કળથીયા પાસેથી રૂ.૫.૫૦ લાખ હાથ ઉછીના લીધા હતા. ઉછીની રકમ સામે આરોપી શૈલેષ ગોયાણીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાનો ચેક લખી આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા ફંડ અનશફીશીયન્ટના શેરા સાથે રિટર્ન થયો હતો. દરમિયાન વેપારી ભગવાન કળથીયાએ એડવોકેટ યોગેશ કે.જોગાણી મારફતે કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા એડવોકેટ યોગેશ જોગાણીએ ફરીયાદી તરફે હાજર રહી બેંક સ્ટેટમેન્ટ, પ્રોમિસરી નોટ, ચેક રીટર્ન મેમો સહિતના પુરાવા કોર્ટમાં રજુ કરી દલીલો કરી હતી. દરમિયાન

**અનુસંધાન પાના ૭ પર**

**પશ્ચિમ રેલવે**

**બાંધકામ કાર્યો**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ - ૪૦૦ ૦૨૦ દ્વારા આમંત્રણ ટેન્ડર નંબર: Dy.CE(C)CCG/357(EPC). કામનું નામ: EPC મોડ પર પશ્ચિમ રેલ્વે પર વાધવન બંદર અને નવા પાલઘર વચ્ચે નવી ડબલ લાઇનના સંબંધમાં, મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શન પર બોઈસર અને વાણગાંવ સ્ટેશનો વચ્ચે ક્રોસિંગ, ડબલ લાઇન રેલ્વે ફ્લાયઓવરનું બાંધકામ. NIT મૂલ્ય: ૫૩૧,૦૯,૫૭,૮૯૦.૩૩. EMD: ૨,૦૦,૦૦,૦૦૦/-.ઈ-બિડ બંધ થવાની તારીખ: ૧૮.૦૬.૨૦૨૬, ૧૧:૦૦ કલાક સુધી. ઈ-બિડ ખુલવાની તારીખ: ૨૬.૦૬.૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1193

અમને લાઈક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સુધારણા અને નવીનીકરણ કાર્ય**

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮. ઈ-ટેન્ડર આમંત્રણ આપે છે. નોટિસ નંબર: BCT/૨૫-૨૬/૩૩૨ તારીખ ૦૫.૦૩.૨૦૨૬. કામ અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ (J.R. હોસ્પિટલ) - જે.આર. હોસ્પિટલમાં નર્સિંગ સ્ટેશન, ડાર્ક, EEG, EMG રૂમ, ન્યુરોસાયન્સ OPD અને દિવ્યાંગ શૌચાલય વગેરેનું સુધારણા અને નવીનીકરણ. અંદાજિત કામનો ખર્ચ: કલાક. ખુલવાની તારીખ અને સમય: ૩૧.૦૩.૨૦૨૬ ના રોજ ૨,૧૩,૦૮,૦૩૯.૨૪. EMD: ૨,૫૬,૬૦૦/-. તારીખ અનેસબમિશનનો સમય: ૩૧.૦૩.૨૦૨૬ સુધી, ૧૫:૦૦૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1195

Like us on: facebook.com/WesternRly

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ



## મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૯૦ કરોડની જોગવાઈ

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ₹૨૮૪૮ કરોડની જોગવાઈ

આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ્ વેતન માટે ₹૧૧૨૮ કરોડની જોગવાઇ

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ₹૯૭૨ કરોડની જોગવાઇ

દૂધ સંજીવની યોજના હેઠળ ફોર્ટિફાઇડ દૂધ આપવા ₹૨૦૫ કરોડની જોગવાઇ

વહાલી દીકરી યોજના અંતર્ગત ₹૨૪૫ કરોડની જોગવાઇ

બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ₹૩૬૦ કરોડની જોગવાઇ




દીકરીના જન્મથી લઈને માતાના પોષણ, સન્માન અને સુરક્ષા સુધી, રાજ્ય સરકાર હંમેશાં હરકદમ માતૃશક્તિની પડખે છે. મહિલા અને બાળ વિકાસ માટે ફાળવાયેલ ₹૭૬૯૦ કરોડનું આ બજેટ 'સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ'ના આપણા સંકલ્પને ચરિતાર્થ કરશે.

**- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**